આજનો સુવિચાર
સ્વિકાર કરતા શીખી જાવ, જીંદગી તમને આવકાર આપશે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક
જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૯૨ જૂનાગઢ તા.૨૩-૧૧-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 292, Junagadh : Date : 23 November, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# મહારાષ્ટ્રમાં મહાયુતિનો જય જયકાર : ઝારખંડમાં ફરી સોરેન સરકાર

## મહારાષ્ટ્રમાં ભાજપનાં નેતૃત્વ હેઠળ મહાયુતિને પ્રચંડ બહુમતિ : ઉધ્ધવ ઠાકરે - કોંગ્રેસનો સફાયો : ઝારખંડમાં જેએમએમ - કોંગ્રેસ ગઠબંધનની સ્પષ્ટ બહુમતિ તરફ આગેકુચ





નવી દિલ્હી તા. ૨૩

દેશમાં ૨૦૨૪ની અંતિમ પણ નિર્ણાયક ચુંટણીમાં મહારાષ્ટ્ર તથા ઝારખંડની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ નેતૃત્વના મહાયુતી મોરચાએ મહારાષ્ટ્રમાં પ્રચંડ બહુમતી મેળવી લીધી છે. જયારે ઝારખંડમાં ભાજપ નેતૃત્વના એન.ડી.એ. તથા ઝારખંડ મુકતી મોરચાના નેતૃત્વના ઈન્ડીયા ગઠબંધન વચ્ચે પ્રારંભીક કસોકસની સ્થિતિ બાદ ઝારખંડ મુક્તિ મોરચાના નેતૃત્વના ઈન્ડિયા ગઠબંધને નિર્ણાયક બહુમતી મેળવી લીધી છે અને ૫૦ થી વધુ બેઠકો પર આગળ છે.

ભાજપ નેતૃત્વના એનડીએને ૨૮ બેઠકો પર સરસાઈ મળી છે. આમ મુખ્યમંત્રી હેમંત સોરેનનું વિકટીમ કાર્ડ અને તેનો જાદુ ચાલ્યો છે.

પેટાચૂંટણીમાં પણ ભાજપ તેમના શાસનના રાજયોમાં સરસાઈ બનાવી રહ્યા છે તો સૌથી મહત્વનું વાયનાડમાં કોંગ્રેસના મહામંત્રી તથા ગાંધી કુટુંબના વરિષ્ઠ સભ્ય પ્રિયંકા ગાંધી ચુંટણી જીતી જશે તેવી પ્રાથમીક સરસાઈ મેળવી લીધી છે. સમગ્ર દેશનું ધ્યાન ખેચનાર મહારાષ્ટ્રની વિધાનસભા ચુંટણીમાં ૨૮૮ બેઠકો પર આજે સવારથી મતગણતરી શરૂ થઈ હતી જેમાં પ્રારંભમાં જ ભાજપ નેતૃત્વની મહાયુતીએ સરસાઈ સ્થાપીને બહુમતી માટે જરૂરી ૧૪૫ બેઠકો કરતા પણ વધુ આ લખાય છે તે સમયે ૨૨૧ બેઠકો પર સરસાઈ સાથે ફરી મહાયુતીનું શાસન નિશ્ચિત કરી દીધુ છે.

તો કોંગ્રેસ શિવસેના (ઉદ્ધવ ઠાકરે) તથા એનસીપી (અજીત પવાર)ના મહાવિકાસ અઘાડીને ફકત ૭૦ બેઠકો મળી રહી છે. આમ મહારાષ્ટ્રમાં હવે મહાયુતીનું શાસન નિશ્ચિત કરી દીધુ છે અને ભાજપની લાડલી બહેના યોજના અને હિન્દુત્વની નીતિ સફળ રહી હોય તેવા સંકેત છે.

અજીત પવાર તેનાજ ભત્રીજા યુગેન્દ્ર પવાર પર મજબૂત સરસાઈ મેળવીને આગળ છે. ઝારખંડમાં કસોકસની લડાઈ હોવાના સંકેત બાદ ૮૧ સભ્યોની વિધાનસભામાં શાસક ઈન્ડીયા ગઠબંધન અને ભાજપ નેતૃત્વના મોરચા વચ્ચે સતત સરસાઈનો ઉલટફેર થતો જોવા મળી રહ્યો હતો અને બન્ને મોરચા ૩૮-૩૯ બેઠકો આસપાસ સરસાઈથી જબરી લડત આપી રહ્યા હતા. પરંતુ બાદમાં બાજી પલ્ટાઈ ગઈ છે અને ઝારખંડ મુક્તિ મોરચાના નેતૃત્વના ઈન્ડિયા ગઠબંધને નિર્ણાયક સરસાઈ સાથે ૫૨ બેઠકો પર લીડ મેળવી છે અને ફરી એક વખત રાજયમાં સતા માટે આગળ વધી રહી છે. બીજી તરફ ભાજપ નેતૃત્વના એનડીએ ગઠબંધનને ૨૮ બેઠકો પર સરસાઈ છે. આમ વિપક્ષો એક રાજય બચાવી શકે તેવા સંકેત છે. મુખ્યમંત્રી હેમંત સોરેન અને તેના પત્ની કલ્પના સોરેન બંને આગળ છે. જયારે ૩ અપક્ષો પણ સરસાઈ ભોગવે છે લોકસભા ચુંટણીમાં ભાજપને જે રીતે મહારાષ્ટ્રમાં ભારે પીછેહઠનો સામનો કરવો પડયો હતો. હરિયાણા બાદ મહારાષ્ટ્ર રાજયમાં પણ તેની ખોવાયેલી ભૂમિ પરત મેળવીને શાનદાર કમબેક કર્યુ છે.

હવે તા.૨૬ના રોજ જ વિધાનસભાની મુદત પુરી થતી હોય આગામી બે દિવસમાં જ નવી સરકારની શપથવિધિ યોજાશે તે નિશ્ચિત છે. જયારે ઝારખંડમાં ફરી સોરેન સરકાર આવશે તે નિશ્ચિત બની રહ્યું છે.

### મહારાષ્ટ્ર

| | |
|---|---|
| કુલ બેઠક - ૨૮૮ | |
| વલણ જાહેર | - ૨૮૮ |
| ભાજપ | ....૧૨૪ |
| શિવસેના (શિંદે) | ....૫૫ |
| એનસીપી (અજીત પવાર) | .....૩૯ |
| અન્ય | ....૨ |
| મહાયુતિને મળી રહેલી કુલ બેઠકો - ૨૨૧ | |
| કોંગ્રેસ | ...૨૦ |
| શિવસેના (ઉદ્ધવ ઠાકરે) | ....૨૦ |
| એનસીપી (શરદ પવાર) | ....૧૨ |
| અન્ય | ....૪ |
| મહાવિકાસ અઘાડીને મળી રહેલી કુલ બેઠકો - ૫૨ | |

### ઝારખંડ

| | |
|---|---|
| કુલ બેઠક - ૮૧ | |
| વલણ જાહેર | - ૮૧ |
| જેએમએમ | ....૩૧ |
| રાજદ | ....૦૪ |
| કોંગ્રેસ | - ૧૪ |
| અન્ય સહયોગી | - ૨ |
| ગઠબંધનને મળી રહેલી કુલ બેઠકો ૫૧ | |
| ભાજપ | - ૨૬ |
| જેડીયુ | - ૦૧ |
| અન્ય સહયોગી | - ૦૨ |
| ભાજપ ગઠબંધનને મળી રહેલી કુલ બેઠક - ૨૯ | |

# ૨૫ નવેમ્બરથી સંસદનું શિયાળુ સત્ર : ધમાકેદાર સાબીત થશે

## સરકાર શિયાળુ સત્રમાં વકફ સંશોધન બીલ, વન નેશન વન ઈલેકશન બીલ પણ રજુ કરાશે તેવા સંકેતો

નવી દિલ્હી, તા.૨૩:

૧૮મી લોકસભાનું શિયાળુ સત્ર આગામી તા.૨૫ નવેમ્બરથી શરૂ થશે અને ૨૦ ડિસેમ્બર સુધી ચાલશે. ૨૬ નવેમ્બરે બંધારણ દિવસ નિમિત્તે સંયુક્ત સત્ર યોજાશે. આ સત્ર જૂની સંસદના સેન્ટ્રલ હોલમાં યોજાશે. બંધારણની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે બંધારણ દિવસનો કાર્યક્રમ યોજાશે.

કેન્દ્ર સરકારે શિયાળુ સત્ર શરૂ થતા પહેલા ૨૪ નવેમ્બરે સંસદમાં સર્વપક્ષીય બેઠક બોલાવી છે. જેમાં સરકાર અને વિપક્ષની રણનીતિના પત્તા સામે આવશે. ૨૫ નવેમ્બરથી શરૂ થયેલું સત્ર ૨૦ ડિસેમ્બરે સમાપ્ત થશે. સરકાર શિયાળુ સત્ર દરમિયાન વકફ સંશોધન બિલ પાસ કરાવવાનો પ્રયાસ કરશે. સરકાર સત્ર દરમિયાન 'વન નેશન વન ઈલેક્શન' બિલ પણ રજૂ કરી શકે છે. સંસદના શિયાળુ સત્રની શરૂઆત પહેલા સરકાર રવિવારની બેઠકમાં તમામ પક્ષો, ખાસ કરીને વિરોધ પક્ષોને સરકારના આગામી સત્રના સંસદીય એજન્ડાની વિગતો આપશે. તે સંસદમાં ચર્ચાના વિવિધ વિષયોનો પણ ઉલ્લેખ કરશે. 'વન નેશન વન ઈલેક્શન' બિલ અને વકફ એમેન્ડમેન્ટ બિલને કારણે શિયાળુ સત્ર ગરમ રહેવાની પૂરી શકયતાઓ છે.

## વાવમાં ભારે ઉલટફેરનાં સંકેતો : ૧૯ રાઉન્ડનાં અંતે કોંગ્રેસનાં ગુલાબસિંહ ૫૮૪૬ મતથી આગળ

વાવ તા. ૨૩ : વાવ વિધાનસભાની પેટાચૂંટણીનાં પરીણામ પર ભાજપ અને કોંગ્રેસની મીટ મંડાયેલી છે. આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ મતગણતરીનાં ૧૯માં રાઉન્ડ બાદ કોંગ્રેસનાં ઉમેદવાર ગુલાબસિંહ રાજપૂત ૫૮૪૬ મતની લીડથી આગળ ચાલી રહયા છે. ૧૫ રાઉન્ડ સુધી ગુલાબસિંહ રાજપુતની લીડ ૧૪ હજાર સુધી પહોંચી ગઈ હતી પરંતુ છેલ્લા પાંચ રાઉન્ડથી ગુલાબસિંહની લીડ સતત ઘટી રહી છે અને ૫૮૪૬ મતની લીડ સુધી પહોંચી ગઈ છે. વાવનાં પરીણામમાં ભારે ઉલટફેર થઈ શકે છે તેવા સંકેતો મળી રહયા છે અને હજુ પાંચ રાઉન્ડની ગણતરી બાકી છે. ભાજપ - કોંગ્રેસનાં નેતાઓનાં જીવ તાળવે ચોંટી ગયા છે વાવનાં પરીણામો ભારે અપસેટ સર્જી શકે છે. ભાભર વિસ્તારનાં ઈવીએમની મતગણતરીમાં ભાજપને ભારે સરસાઈ મળી રહી છે. ભાભર ભાજપનો ગઢ ગણાય છે.

## વાયનાડ લોકસભા બેઠક પર કોંગ્રેસનાં પ્રિયંકા ગાંધી ૩ લાખ મતથી આગળ



વાયનાડ, તા.૨૩:

કેરળની વાયનાડ બેઠક પર યોજાયેલી પેટાચૂંટણીમાં આજે સવારે ૮ વાગ્યાથી મતગણતરી શરૂ થઈ ગઈ છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી આ બેઠક પરથી જીત્યા હતા. પરંતુ રાયબરેલીથી ચૂંટણી જીત્યા બાદ તેમણે વાયનાડ સીટ પરથી રાજીનામું આપી દીધું હતું, ત્યારબાદ પેટાચૂંટણી યોજાઈ હતી અને પહેલીવાર પ્રિયંકા ગાંધી અહીં પોતાનું નસીબ અજમાવવા આવ્યા છે. કોંગ્રેસે ત્રણેય વખત વાયનાડ સીટ કબજે કરી છે. વાયનાડ સીટ પર કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી ૩ લાખ મતોથી આગળ છે. આ મતવિસ્તારમાં પ્રિયંકા ગાંધી વાડ્રા ભાજપના નવ્યા હરિદાસ અને ડાબેરી મોરચા (સીપીઆઈ)ના સત્યન મોકેરી સામે ચૂંટણી લડી રહયા છે. બંને ઉમેદવારો પ્રિયંકાથી મોટા માર્જિનથી પાછળ ચાલી રહયા છે

## સમગ્ર વ્રજ ભૂમિને તિર્થ સ્થળ જાહેર કરી માંસ-મદીરા પર પ્રતિબંધ મુકવા ધર્મસંસદમાં ઠરાવ

મથુરા, તા. ૨૩

યુપીના મથુરાના વૃંદાવનમાં ધર્મ સંસદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬ પ્રસ્તાવ મૂકવામાં આવ્યા હતા. ધર્મ સંસદમાં સંતોએ સરકાર પાસે તેમની ઘણી માંગણીઓ લાગુ કરવાની માંગ કરી છે. ધર્મસંસદમાં કૃષ્ણ જન્મભૂમિ સંકુલમાંથી શાહી ઈદગાહ અને મીના મસ્જિદને હટાવવાની માંગ કરવામાં આવી હતી. આ સિવાય લવ-જેહાદ વિરૂધ્ધ ઠરાવ પણ પસાર કરવામાં આવ્યો છે. ધર્મ સંસદમાં શ્રી કૃષ્ણ સાધક ટ્રસ્ટના સભાગૃહમાં આયોજિત બેઠકમાં અખિલ ભારતીય બ્રાહ્મણ મહાસભાના ઉપાધ્યક્ષ બિહારી લાલ વશિષ્ઠે ઉત્તર પ્રદેશ સરકાર પાસે સમગ્ર વ્રજમંડળને તીર્થસ્થળ તરીકે જાહેર કરવાની માંગ કરી હતી. આ સાથે સમગ્ર વ્રજમાં ઈંડા, માંસ, દારૂ વગેરેના વેચાણ પર પ્રતિબંધ મૂકવાની દરખાસ્ત કરવામાં આવી હતી. ધર્મ સંસદની અધ્યક્ષતા કરી રહેલા દ્વારાચાર્ય બલરામ દાસે દેશી ગાયને રાષ્ટ્ર માતા જાહેર કરવાની માંગ કરી હતી. ધર્મ સંસદમાં શ્રી કૃષ્ણ જન્મભૂમિ મુક્તિ ન્યાસના પ્રમુખ દિનેશ શર્માએ કહ્યું કે ધર્મ સંસદમાં પસાર કરાયેલા પ્રસ્તાવોને રાજ્ય અને કેન્દ્ર સરકારોને મોકલવામાં આવશે. સરકારોને આ દરખાસ્તોને જલ્દી પૂર્ણ કરવાની માંગ કરવામાં આવશે.

નવા વર્ષની હાર્દિક શુભેચ્છા.....




Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૯ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો




CARE+ LABORATORY
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005
અમારી બીજી બ્રાન્ચ
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફ્લોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 749/- કિંમત ~~2870/-~~

હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,કલોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપુર્ણ તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 1349/- કિંમત ~~5050/-~~

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦
કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

હાર્દિક શુભેચ્છા.....
ડો. પ્રતિક ડોબરીયા
M.B. D.G.O.
સ્ત્રી રોગ નિષ્ણાંત અને લેપ્રોસ્કોપીક સર્જન
ડોબરીયા ગાયનેક હોસ્પિટલ
આયુષ્માન ભારત P.M.J.A.Y., માં, યોજના સંલગ્ન હોસ્પિટલ
PMJAY- MA યોજના અંતર્ગત મફત સારવાર
મેટરનીટી (પ્રસુતિ) / સોનોગ્રાફી/લેપ્રોસ્કોપી/ વ્યંધત્વ (ઈન્ફર્ટીલીટી)
અક્ષર પ્લાઝા-૪ કોમ્પ્લેક્ષ, પહેલો માળ, બાયપાસ રોડ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ
એપોઈન્ટમેન્ટ મો. ૯૯૭૯૮ ૯૩૨૬૯




"Chiropratic"
ગરદન સંબંધિત માથાનો દુઃખાવો ઘટાડવામાં મદદ કરે છે. તમારી મુદ્રામાં સુધારો કરે છે. પીડા ઘટાડે છે અને તમારી કરોડરજ્જુ અને અન્ય સાંધાઓની ગતિની શ્રેણીમાં સુધારો કરે છે. અસ્થિવા જેવી ક્રોનિક સ્થિતિના લક્ષણો ઘટાડે છે. ગરદન અથવા કરોડરજ્જુની નાની ઈજાઓ, ખાસ કરીને વ્હીપ્લેશની સારવાર કરે છે.



"Tera- Herts"
ટેરાહર્ટ્ઝ આવર્તન સામાન્ય શારીરિક કોષોની સમાન આવર્તન પર વાઈબ્રેટ કરે છે, તેથી તે તમારી રોગ પ્રતિકારક શકિતને વેગ આપે છે, કોષોમાં ચયાપચયની પ્રર્વતિમાં વધારો કરે છે, સેલ્યુલર ઓકિસજનેશનમાં વધારો કરે છે તેમજ રકત પ્રવાહમાં વધારા કરે છે.



"Kashya Therapy"
શરીરની ગરમી ઘટાડે છે. આંખોમાં થતી બળતરા મટાડે છે. રકત પરિભ્રમણ સુધારે છે.



"Accupressure"
ચોકકસ ચેતાને ઉત્તેજીત કરવાથી પીડાની સંવેદના ઘટાડવામાં મદદ મળી શકે છે. સંશોધકો એ પણ જોયુ કે એકયુપ્રેશર સ્ટ્રેસ હોર્મોન કોર્ટિસોલનું સ્તર ઘટાડે છે. તે એન્ડોર્ફિન્સનું સ્તર પણ વધારે છે. જે રસાયણોનું સ્તર પણ વધારે છે. જે રસાયણો છે. જે મુડને વેગ આપે છે. અને પીડાન લાગણી ઘટાડે છે. છેલ્લે, એકયુપ્રેશર રકત પરિભ્રમણને સુધારી શકે છે.

KHUSHI WELNESS Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
યુસુફજય આજીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ઘુટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮
ચિતાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જૂનાગઢ.

# જુનાગઢ શહેર સુન્ની સંધી મુસ્લીમ સમાજ દ્વારા તેજસ્વી તારલા સન્માન સમારોહ યોજાયો





જૂનાગઢ તા.૨૩

સુન્ની સંધી મુસ્લીમ સમાજ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ જુનાગઢ દ્વારા સુન્ની સંધી મુસ્લીમ સમાજના તેજસ્વી તારલાનો સન્માન સમારોહ જુનાગઢ ચીતાખાના ચોક નજીક આવેલ સન્માન માર્કેટ, પ્રથમ માળે જુનાગઢ શહેર સુન્ની સંધી મુસ્લીમ સમાજના મલ્ટી પર્પઝ હોલ ખાતે યોજાયો હતો.

આ સમારોહની શરુઆતમાં અખ્તર મહંમદ સમાએ કુરઆને પાકની તિલાવત તરજુમાં સાથે કરી હતી. આ સમારોહમાં ઉચ્ચ ટકાવરીથી ધો. ૧૦ અને ૧૨ પાસ કરનાર તથા સ્નાતક અને અનુ સ્નાતકની ડીગ્રી મેળવનાર તેમજ મેડીકલ ક્ષેત્રે અને એન્જીનિયરીંગ ક્ષેત્રે પ્રવેશ મેળવનાર અને ડીગ્રી પ્રાપ્ત કરનાર ૭૦ થી વધુ તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ઈનામ વિતરણમાં શરીફભાઈ હાલા તથા રજાકભાઈ હાલાએ આર્થિક સહયોગ આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે વિધ્યાર્થી/વિધ્યાર્થીનીઓ સાથે વાલીઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મુસ્લીમ સમાજના સર્વાંગી વિકાસ, સામાજીક અને આર્થિક ઉન્નતિ, વૈચારીક અને બૌધ્ધિક વિકાસ, મુલ્યવાન જીવન ઘડતર, રચનાત્મક અને પરીવર્તનશીલ ભવિષ્ય, ગૌરવશાળી વ્યક્તિત્વ અને સ્કીલ ડેવલોપમેન્ટ માટે શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ જરૂરી અને અનિવાર્ય છે.

બાળકો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરે, ડ્રોપ આઉટ રેસીયો ઘટ્ટે, કૌશલ્ય વર્ધક તાલીમ મેળવે, શૈક્ષણિક અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ ઉચ્ચ મેરીટથી પાસ કરે, સિવિલ સર્વિસમાં જોડાય, ઉચ્ચ હોદા પ્રાપ્ત કરે, પોતાની સ્કીલ પ્રમાણે ડૉક્ટર, એન્જીનિયર, એડવોકેટ, અધિકારી, શિક્ષક, વેપારી, ઉધ્યોગપતિ બને, તેઓને મદદ, માર્ગદર્શન, માહીતી અને તાલીમ મળી રહે, તેઓને સન્માન અને પ્રોત્સાહન મળી રહે, શિક્ષણ પ્રત્યેની જાગૃતિ વધે એવા ઉમદા હેતુથી તેજસ્વી તારલાના સન્માન સમારોહ જેવા શૈક્ષણિક કાર્યક્રમો કરવા જરૂરી છે.

સુન્ની સંધી મુસ્લીમ સમાજ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ જુનાગઢ શહેરના પ્રમુખ ડો. હારૂનભાઈ વિશળ અને જુનાગઢ શહેર સુન્ની સંધી મુસ્લીમ સમાજના તમામ હોદ્દેદારો, કારોબારી સભ્યો, જનરલ કારોબારી અને એરિયા પ્રમુખ તથા સમગ્ર ટીમ દ્વારા આ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જુનાગઢ જીલ્લા સંધી મુસ્લીમ સમાજના પ્રમુખ હુસેનભાઈ દલના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે પૂર્વ પ્રમુખ કારાભાઈ સાંધ (ટીકર), વલીમહમ્મદભાઈ દલ, હનીફભાઈ લાખા, અલીભાઈ સાંધ, હુસેનભાઈ સીડા, પૂર્વ કોર્પોરેટર રજાકભાઈ હાલા, ડૉ. દોલકીયા, એડવોકેટ નોટરી ઈબ્રાહીમભાઈ શમા, એડવોકેટ જીશાનભાઈ હાલેપૌત્રા, કારાભાઈ હાલેપૌત્રા, જાનમહંમદભાઈ દલ, મહમદહુસેન હાલા, રસિદભાઈ હાલા, જાવેદભાઈ ઠેબા, અલારખભાઈ હિંગોરા ઉપસ્થિત રહ્યા હતા.

આયોજક ટીમમાં પ્રમુખ ડો. હારુનભાઈ વિશળ, હનીફભાઈ હાલા, હાસમભાઈ હિંગોરા, શરીફભાઈ હાલા, ઈબ્રાહીમભાઈ સમાં, જુસબભાઈ દલ, ઈસ્માઈલભાઈ દલ, જાફરભાઈ પલેજા, રશીદભાઈ નોયડા, ગુલમામદભાઈ સમા, રહીમભાઈ નાઈ, યુસુફભાઈ મડમ, જુમ્માભાઈ ખેભર, હાસમભાઈ જુણેજા, કાસમભાઈ જુણેજા, નુરમામાદભાઈ હાલેપોત્રા, મુસાભાઈ દલ, જુમ્માભાઈ કાતિયાર, આમદભાઈ સોઢા, વલીભાઈ વિશળ, જુસબભાઈ હોથી, ડાડાભાઈ અબડા, કારાભાઈ ચકુભાઈ ઠેબા, શરિફભાઈ પલેજા, કારાભાઈ પલેજા, સલીમભાઈ પલેજા, અલ્લારખાભાઈ સોલંકી, ઈકબાલભાઈ સમાં, આમાદભાઈ સમાં, હનીફભાઈ સુમરા, યુનુસભાઈ અબડા, આમદભાઈ ગંભીર, હબીબભાઈ ગંભીર, મોહસીનભાઈ સોલંકી, રફિકભાઈ નોતિયાર, સલીમભાઈ નાઈ, બોબિભાઈ ઠેબા, વગેરે હાજર રહ્યા હતા.


સ્વાગત પ્રવચન ઈસ્માઈલભાઈ દલએ કર્યું હતું. પ્રાસંગિક પ્રવચનો ડૉ. દોલકીયા, એડવોકેટ જીશાન હાલેપૌત્રા, વલીમહમદભાઈ દલ, હાસમભાઈ હિંગોરા વિગેરે એ કર્યા હતા. અધ્યક્ષીય પ્રવચન જુનાગઢ જીલ્લા સંધી મુસ્લીમ સમાજના પ્રમુખ હુસેનભાઈ દલે કર્યું હતું. આભાર વિધિ શહેર સંગઠનના અધ્યક્ષ હનીફભાઈ હાલા એ કરી હતી. મહેમાનો અને આયોજકોના હસ્તે વિધ્યાર્થી/વિધ્યાર્થીનીઓને પ્રોત્સાહીત ઈનામ રૂપે મોમેન્ટો અને ભેટ આપવામાં આવી હતી.

જુનાગઢ જીલ્લા સંધી મુસ્લીમ સમાજના પ્રમુખ હુસેનભાઈ દલ અને જુનાગઢ શહેર સંધી મુસ્લીમ સમાજના પ્રમુખ ડૉ. હારૂનભાઈ વિશળ તથા જીલ્લાના અને શહેરના આગેવાનો દ્વારા સમાજના દરેક કાર્યમાં વર્ષોથી તન, મન, ધનથી સેવા આપી રહેલા શહેર સુન્ની સંધી મુસ્લીમ સમાજના મહામંત્રી શરીફભાઈ હાલાનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ જુનાગઢ જિલ્લાના સંધિ સમાજના પ્રથમ નોટરી એડવોકેટ ઈબ્રાહીમભાઈ સમા વંથલી વાળા નું સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં જાફર પલેજા, રસિદભાઈ નોઈડા, રહીમભાઈ નાઈ, હાસમભાઈ જુણેજા તથા સમાજના યુવાન ભાઈઓ બહેનોએ પોતાની સેવા આપી હતી.

સમગ્ર કાર્યક્રમને સફળ સંચાલન ડો. હારુનભાઈ વિશળએ પોતાની આગવી અને અસરકારક શૈલીમાં કર્યું હતું.

# માંગરોળમાં કન્યા શાળાનું નવું બિલ્ડીંગ બનશે : ધારાસભ્ય દ્વારા કળશ પુજન કરાયું





(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૩

માંગરોળમાં અંદાજીત અઢી કરોડના ખર્ચે કન્યા શાળાનું નવું બિલ્ડીંગ બનશે. ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયા દ્વારા આજે તેનું કળશ પુજન કરવામાં આવ્યું હતું. રાજાશાહીના સમયમાં કન્યા કેળવણીને ઉત્તેજન આપવા મુળ માંગરોળના અને મુંબઈ સ્થાયી થયેલા વતનપ્રેમી મહીલાએ પોતાની કિંમતી જમીન દાનમાં આપી, તે સમયે શાળાનું બિલ્ડીંગ બનાવી અર્પણ કર્યુ હતું. ત્યારબાદ જર્જરિત થયેલી ઈમારતને તોડી પડાયા બાદ હવે સરકાર તેનું પુનઃ નિર્માણ કરશે.

રાજાશાહીના વખતમાં દિકરીઓમાં ભણતરનું પ્રમાણ મર્યાદિત હતું. કન્યા કેળવણીનો દર ફક્ત બે ટકા જેટલો હતો. એ સમયે માંગરોળમાં ધાર્મિક, સામાજીક અને આરોગ્ય ક્ષેત્રે અનેક નોંધપાત્ર અને સેવાકીય કામગીરી કરનારા કલ્યાણજી રતનજી અધ્યારૂના ધર્મપત્ની નંદુમાએ કન્યા કેળવણીને ઉત્તેજન, પ્રોત્સાહન મળે તે હેતુથી ૧૩૧ વર્ષ પહેલાં શહેરના હાર્દસમા લીમડાચોક વિસ્તારમાં પોતાની કિંમતી જમીન દાન આપી, બિલ્ડીંગ બનાવી આપ્યું હતું. જેમાં છેલ્લે ધો.૧ થી ૮માં ૧૮૦ જેટલી બાળાઓ અભ્યાસ કરતી હતી. પરંતુ કેટલાક સમયથી બિસ્માર અને જર્જરિત થયેલા બિલ્ડીંગને થોડા સમય પહેલા ઉતારી લેવાની ફરજ પડતાં વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે હાલ બાળાઓ ટાવર શાળામાં અભ્યાસ કરી રહી છે.

શાળાનું નવું બિલ્ડીંગ બનાવવા માટે સરકારમાં દરખાસ્ત મંજૂર થયા બાદ આજે કળશ, ભૂમિ પુજનમાં ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયા ઉપરાંત માછીમાર આગેવાન વેલજીભાઈ મસાણી, શહેર ભાજપ પ્રમુખ લિનેશભાઈ સોમૈયા, કેળવણી નિરીક્ષક આનંદભાઈ તન્ના, શાળાના આચાર્ય કાંતિભાઈ પરમાર, કલ્યાણજી રતનજી અધ્યારૂ ટ્રસ્ટના સ્થાનિક ટ્રસ્ટી મિહીરભાઈ વ્યાસ સહિતના અગ્રણીઓ, શાળાની વિધાર્થીનીઓ તથા ટ્રસ્ટના મુખ્ય ટ્રસ્ટી હેમેન્દ્રભાઈ વ્યાસ તથા તેમના પત્ની તરલાબેન ખાસ મુંબઈથી ઉપસ્થિત રહ્યા હતા. સંભવિત એકાદ વર્ષમાં પૂર્ણ થનારા શિક્ષણના આ કાર્યના પ્રારંભ પ્રસંગે સૌ કોઈએ રાજીપો વ્યક્ત કર્યો હતો.

# ખ્યાતિ હોસ્પિટલકાંડ મુદ્દે રાજ્ય સરકાર તપાસ કરી જ રહી છેઃ હાઈકોર્ટ

માંડલની શ્રી રામાનંદ આંખની હોસ્પિટલમાં મોતિયાના ઓપરેશન બાદ ૧૭ જેટલા દર્દીએ આંશિક અને સંપૂર્ણ રીતે આંખોની દૃષ્ટિ ગુમાવતાં સર્જાયેલા અંધાપા કાંડ મુદ્દે સુઓમોટો રિટમાં શુક્રવારે સુનાવણી થઈ હતી. ત્યારે કોર્ટ મિત્ર દ્વારા તાજેતરના વિવાદીત ખ્યાતિ હોસ્પિટલની ઘટનાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે એના જવાબમાં ટકોર કરી હતી કે,'રાજ્ય સરકાર આ મામલે યોગ્ય તપાસ કરી જ રહી છે.' કોર્ટમિત્રે કહ્યું હતું કે હોસ્પિટલો દ્વારા યોજાતા મેડિકલ કેમ્પને પણ ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ હેઠળ આવરી લેવા જોઈએ. જેથી કરીને તેમની જવાબદારી નક્કી કરી શકાય. બીજી તરફ રાજ્ય સરકારે ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ હેઠળ રજીસ્ટ્રેશન માટે છ હજાર સંસ્થાઓએ અરજી કરી હોવાનું જણાવ્યું હતું. શુક્રવારે કેસની સુનાવણી દરમિયાન એડવોકેટ જનરલ કમલભાઈ ત્રિવેદીએ કોર્ટને જણાવ્યું હતું કે રાજ્યમાંથી છ હજાર સંસ્થાઓએ ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ અંતર્ગત રજીસ્ટ્રેશન કરાવવા અરજી કરી છે.

# ધોરાજીવાલા મેમણ જમાતના પ્રમુખપદે અઝીઝભાઈ બાટવીયાની વરણીને આવકાર

જૂનાગઢ તા.૨૩

તાજેતરમાં ધોરાજીવાલા મેમણ જમાત જૂનાગઢની કારોબારી સમિતિની ચૂંટણી યોજાયેલ હતી. જેમાં જૂનાગઢના અગ્રણી ઉદ્યોગપતિ અઝીઝભાઈ બાટવીયા ધોરાજીવાલા મેમણ જમાતના પ્રમુખપદે ચૂંટાઈ આવતા તેમની વરણીને જૂનાગઢના ઝાલાવાડીયા ઘાંચી સમાજના અગ્રણીઓ ભાણાભાઈ (અમીન ગ્રુપ), ઈકબાલભાઈ અમરેલીયા, અશરફભાઈ થઈમ વગેરેએ આવકારીને શુભેચ્છા પાઠવી છે. તેમજ સમાજ સેવા ક્ષેત્રે તેમની નિષ્ઠાને બિરદાવી છે.

# જૂનાગઢમાં ધારાશાસ્ત્રી દ્વારા લખાયેલ પુસ્તકનું વિમોચન કરાયું



જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ બાર એસીસીએશન દ્વારા સીનીયર એડવોકેટ ડી.ડી.રૂપારેલીયા હસ્તે લીખીત એકવીટલ જજમેન્ટ ઓન ડીસ ઓનર ઓફ ચેકનું વિમોચન કરવામાં આવેલ હતું જેમાં જૂનાગઢના જીલ્લા અને ડીસ્ટ્રીકટ સેસન્સ જજ તથા અન્ય ન્યાયાધીશો અને વકીલો ઉપસ્થિત રહયા હતા. જૂનાગઢ બાર એસોસીએશનના પ્રમુખ, સેક્રેટરી, જીલ્લા સરકારી અધિકારી, પી.ડી. ગઢવી, મુકેશભાઈ કામદાર વિગેરેએ આ પુસ્તકનું વિમોચન કરેલ અને ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજએ પુસ્તકની અગત્યતા અને કાયદાના પુસ્તકની જરૂરીયાતની જીણવટપૂર્વક વકીલોને માહીની આપેલ હતી. આ તબકકે જૂનાગઢના ધારાશાસ્ત્રી ડી.ડી. રૂપારેલીયા દ્વારા લખાયેલ ઘણા પુસ્તકનું એડવોકેટ રાવત તથા કમલેશ ધમાણી દ્વારા લાયબ્રેરીમાં આપવા માટે સ્વીકારી લાયબ્રેરીમાં આપેલ છે. તેવું બાર એસો.ના પ્રમુખ જયદેવ જોશીએ જણાવ્યું હતું.

# ચોરવાડમાં ધોળા દિવસે ઘરફોડ ચોરી : ૧.૬૧ લાખની મતાની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

ચોરવાડ કન્યાશાળા નજીક ધોળા દિવસે તસ્કરોએ હાથ અજમાવતા સોના ચાંદીના દાગીના સહિત રોકડ મળી કુલ ૧,૬૧,૨૦૦ની ચોરી થયાની ફરીયાદ ચોરવાડ પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ચોરવાડ પોલીસ મથકે ટમુબેન જીવનભાઈ પરમારે અજાણ્યા શખ્સ વીરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, અજાણ્યા આરોપીએ ગઈકાલે બપોરના બાર વાગ્યાથી સાંજના પોણા સાત વાગ્યા દરમ્યાન ફરીયાદીના ઘરની અંદર પ્રવેશ કરી દરવાજાનું તાળુ ઘરમાં રહેલ કબાટ અને તીજોરીનું તાળું ખોલી ૧૨૦૦૦ રોકડ, સોના ચાંદીના દાગીના મળી કુલ ૧,૬૧,૨૦૦ની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# વંથલીના કણજાધાર ગામે મહિલાએ એસીડ પી લેતા સારવાર દરમ્યાન મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)


જૂનાગઢ તા.૨૩

વંથલીના કણજાધાર ગામે રહેતી મહિલાએ લોનના હપ્તા ભરવાના ટેન્શનમાં આવી જઈ એસીડ પી લેતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું વંથલી પોલીસ મથકે નોંધાયું છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસ મથકે રમેશભાઈ વલ્લભભાઈ બણોધરાએ જાહેર કરેલ કે પોતાના મૃતક પત્ની કાજલબેન(ઉ.વ.૩૪)ના પતિએ બે વર્ષ પહેલા બેંકમાંથી પાંચેક લાખની લોન લીધેલ હતી અને હાલ કોઈ મજુરી કામ ચાલતુ ન હોય અને લોનના હપ્તા દર મહિને ભરવા પહોંચાતું ન હોય જેના ટેન્શનમાં આવી જઈ એસીડ પી લેતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

ટચુકડી જાહેરાત દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
શિયાળાની ગુલાબી ઠંડી માટે ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે તથા ગાયનું તાજુ ઘી આવી ગયું છે
વિજય ઘી ડીપો
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

મકાન વેંચવાનું છે
જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ ૩૦૦ વાર જમીન મકાન સાથે વેંચવાનું છે
:: કોન્ટેક ::
મો. ૯૬૦૧૨ ૭૨૯૬૫

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
મો.૯૮૭૯૩ ૭૬૦૨૮

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

બેકરીની બધી જ આઈટમ ઘઉંમાં મળશે સ્પે. પંજાબી પફ મળશે આઈસ કેકનાં સ્પેશ્યાલીસ્ટ
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

રોયલ ગેસ સ્ટવ
૧/૨/૩/૪ બર્નર ના L.P.G. અને P.N.G.
ઘર વપરાશના ગેરેન્ટી વાળા ચુલા
દરેક કંપનીના મોડેલ માત્ર અમારે ત્યાં
વિશાળ રેન્જ ધરાવતું એક જ નામ એટલે જ
રોયલ ગેસ સ્ટવ
એક્સચેન્જ ઓફર નો લાભ મળશે
જુના ચુલાનું વળતર મળશે
ઘરબેઠા રીપેરીંગ માટે સુવિધા મળશે
માંડવી ચોક, મોટી શાક માર્કેટ પાસે, મકન ગાંધીની દુકાન સામે, જૂનાગઢ
મો.૮૮૬૬૦ ૨૭૬૧૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

જનજીવન આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

ચિંતન શિબિર-૨૦૨૪ બીજો દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિ

# સરકારી સેવાઓના સુદ્રઢીકરણ માટે એ.આઈ. ટેક્નોલોજીના ઉપયોગ અંગે માર્ગદર્શક વકતવ્ય સત્ર યોજાયું

## સરકારના લોકહિતકારી અભિયાનો વધુ અસરકારક બનાવી પ્રજાહિતલક્ષી સેવાઓ સરળતાએ ઉપલબ્ધ કરાવવામાં એ.આઈ. ટેક્નોલોજી અસરકારક બની શકે છે





પ્રભાસ પાટણ, તા.૨૩

સોમનાથ ખાતે આયોજિત રાજ્ય સરકારની ૧૧મી ચિંતન શિબિરના બીજા દિવસે 'સરકારી સેવાઓના સુદ્રઢીકરણ માટે ડીપ ટેક્નોલોજી'ના ઉપયોગ તથા 'એ.આઈ. અને ડેટા એનાલિટિક્સ' વિષય પર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની વિશેષ ઉપસ્થિતિમાં માર્ગદર્શક વક્તવ્ય સત્ર યોજવામાં આવ્યું હતું.

એનવીડિયાના ડાયરેક્ટર જીગર હાલાણીએ સરકારની જન કલ્યાણકારી સેવાઓની સુલભતા અને સરકારી વ્યવસ્થાપનમાં એ.આઈ. ટેક્નોલોજીના ઉપયોગ અંગે વિશદ જાણકારી આપી હતી. જીગર હાલાણીએ ગુજરાતને એ.આઈ. મોડલ બનાવવાની દિશા તરફની સંભાવનાઓ, ઉપલબ્ધતાઓ તથા ગુજરાતને એ.આઈ. મોડલ બનાવવા માટે હાલ થઈ રહેલી કામગીરી અંગે છણાવટ કરી હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો લોકપ્રિય રેડિયો પ્રોગ્રામ 'મન કી બાત' ૨૩ ભાષાઓમાં વર્તમાન સમયમાં એ.આઈ.ની મદદથી લોકો સાંભળી શકે છે અને ન્યાયાલયોમાં પણ એ.આઈ.નો અસરકારક ઉપયોગ થઈ રહ્યો છે, ત્યારે રાજ્ય સરકારના લોકહિતકારી અભિયાનોને વધુ અસરકારક બનાવવા તથા પ્રજાહિતલક્ષી સેવાઓ લોકોને સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે એ.આઈ. ટેક્નોલોજીને માધ્યમ બનાવી જરૂરિયાતમંદ લોકો સુધી આવી યોજનાઓનો લાભ કઈ રીતે સરળતાથી પહોંચાડી શકાય તે બાબતે તેમણે પ્રેઝેન્ટેશન રજૂ કર્યું હતું. ગુજરાતની સંસ્કૃતિ, સભ્યતા અને કળાઓ વિશ્વભરમાં પ્રસિદ્ધ છે, તે સંદર્ભમાં આ સંસ્કૃતિની સાથે વણાયેલી સ્થાનિક કળાઓને વૈશ્વિક કક્ષાએ ઉજાગર કરીને સ્થાનિક કસબી - કારીગરોને રોજગારી પૂરી પાડવા માટે એ.આઈ.નો વ્યાપક ઉપયોગ કેવી રીતે થઈ શકે તે અંગે પણ તેમણે વિસ્તૃત વિવરણ રજુ કર્યું હતું. સ્થાનિક કારીગરોના આવા ઉત્પાદનોને વધુ સારી રીતે વૈશ્વિક બજારમાં પ્રદર્શિત કરવા તથા તેમના વ્યાપારને વધુ મોટા પાયે વિસ્તરણ કરવા માટે એ.આઈ. ટેક્નોલોજીનો સુચારુ ઉપયોગ કરવાની દિશા અંગે પણ આ સત્રમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગુજરાતના યુવાનોને સ્થાનિક કક્ષાએ જ રોજગારીની તકો પૂરી પાડવામાં એ.આઈ. ટેક્નોલોજી કેવી રીતે માઈલસ્ટોન સાબિત થઈ શકે છે તે અંગે એ.આઈ.નો ઉપયોગ વધારવા માટે સરકાર જે પગલાઓ લઈ શકે તેની વિગતવાર રજુઆત પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી તેમણે કરી હતી. આ સત્રમાં રાજ્ય મંત્રીમંડળના સભ્યો, મુખ્ય સચિવ શ્રી રાજકુમાર તથા શિબિરમાં સહભાગી થયેલા ઉચ્ચ અધિકારીઓ ચર્ચામાં જોડાયા હતા અને વડાપ્રધાનના વિકસિત ભારતના વિઝનને અનુરૂપ આર્ટીફિશ્યલ ઈન્ટેલિજન્સના આ ઈમર્જિંગ સેક્ટરનો રાજ્યના સર્વગ્રાહિ વિકાસમાં વિનિયોગ કરવા સામૂહિક વિચાર મંથન કર્યું હતું.

# માત્ર રૂા.૧૦૦ પ્રીમિયમ ચૂકવીને પશુપાલકો પશુને વીમાથી સુરક્ષિત કરી શકશે

જૂનાગઢ, તા.૨૩

રાજય સરકાર દ્વારા પશુપાલકો માટે પશુધન વીમા સહાય યોજના અમલમાં મુકી છે. જેમાં પશુપાલકોના હિતને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા પશુપાલન વ્યવસાય દરમ્યાન પશુ મૃત્યુના લીધે થતા આર્થીક નુકસાન સામે રક્ષણ પુરૂ પાડવાના હેતુથી આ યોજના અમલમાં મુકી છે. જેથી પશુપાલકો આ યોજનાનો લાભ મેળવી વીમાની રકમમાંથી નવુ પશુ ખરીદી કરીને પશુપાલન વ્યવસાય ચાલૂ રાખી શકશે. આ યોજનાનો લાભ મેળવીને પશુપાલક વીમાં કંપનીને પ્રતિ પશુ માત્ર રૂા.૧૦૦ પ્રીમીયમ ચુકવીને પોતાના પશુઓને વીમાથી સુરક્ષીત કરી શકશે.જયારે બાકીની શેષ પ્રીમીયમની રકમ સબસીડી પેટે સરકાર દ્વારા વીમા કંપનીને ચુકવવામાં આવશે.

પ્રથમ તબક્કામાં જૂનાગઢ જિલ્લામાં ૩૦૦૦ જેટલા પશુઓને આ યોજના હેઠળ આવરી લેવાનું રાજ્ય સરકારે આયોજન કર્યુ છે.પશુધન વીમા યોજનાનો લાભ મેળવવા ઈચ્છુક પશુપાલકો ઓનલાઈન અરજી કરી શકે તે માટે તા.૧૩-૧૨-૨૦૨૪ સુધી આઈ-ખેડુત પોર્ટલ ખુલ્લું મુકવામાં આવેલ છે. અરજી કરી હોય તેવા પશુપાલકો પૈકી પસંદ થયેલા પશુપાલકોને પ્રતિ લાભાર્થી ૧ થી ૩ વેતરના હોય તેવા ગાય-ભેંસ વર્ગના મહત્તમ ૩ પશુઓ માટે આ સહાય આપવામાં આવશે. આ અંગેની વધુ માહિતી માટે નજીકની પશુ સારવાર સંસ્થાનો સંપર્ક કરવાનો રહેશે.જુનાગઢ જિલ્લાના વધુમાં વધુ પશુપાલકોને આ યોજનામાં સમય મર્યાદામાં અરજી કરી લાભ લેવા નાયબ પશુપાલન નિયામક જિલ્લા પંચાયત દ્વારા એક યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ જીલ્લાનાં ૧૮ થી ૨૯ વર્ષના રોજગારવાંચ્છુઓ માટે તા.૨૫ નવેમ્બરના રોજગાર ભરતી મેળો

જૂનાગઢ, તા. ૨૩

જૂનાગઢ જિલ્લાનાં રોજગારવાંચ્છુઓને રોજગારીનો ઉમદા અવસર પ્રાપ્ય થાય તેવા હેતુસર ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમ અગ્રગણ્ય મુંદ્રા સોલાર લી.(અદાણી સોલાર) કંપની એકમમાં મીરાકી વેન્ચર પ્રા.લી.ના કરાર ઉપર ભરતી હેતુ ખાલી પડેલ ઓપરેટરની જગ્યાઓ માટે ૧૮ થી ૨૯ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાને અનુરૂપ આઈ.ટી.આઈ. ડિપ્લોમા કે સ્નાતક ની શૈક્ષણિક લાયકાત ધરાવનાર માટે ભરતીમેળાનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, 'બી' વિંગ, પ્રથમ માળ, બહુમાળી ભવન, જૂનાગઢ ખાતે તા.૨૫/૧૧/૨૦૨૪ના રોજ સવારે ૧૦:૩૦કલાકે કરવામાં આવેલ છે. પ્રસ્તુત ભરતીમેળામાં ભાગ લેવા હેતુસર રોજગારવાંચ્છુઓએ શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજો સાથે ભરતી મેળા સ્થળ પર ઉપસ્થિત થવાનું રહેશે. ભરતીમેળામાં રોજગારવાંચ્છુઓ અનુબંધમ પોર્ટલ **https://anubandham.gujarat. gov.in** ના માધ્યમથી પણ ભાગ લઈ શકે છે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢના ટેલીફોન નંબર ૦૨૮૫-૨૬૨૦૧૩૯ પણ સંપર્ક કરી શકો છો.

# જૂનાગઢ જીલ્લા શિક્ષણ સમિતિ દ્વારા જીલ્લા ફેર બદલી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું




જૂનાગઢ, તા.૨૩

ધોરણ ૬ થી ૮ માં શિક્ષક તરીકે ફરજ બજાવતા અને પોતાના વતન થી વર્ષો સુધી દુર રહીને કાર્ય કરતા શિક્ષકોને પોતાના વતનના જીલ્લામાં નોકરી કરવાની તક મળે તે હેતુથી જુનાગઢ ખાતે અન્ય જીલ્લામાં ફરજ બજાવતા શિક્ષકો કે જેવો પોતાના વતન જૂનાગઢ જીલ્લામાં પોતાની સિનીયોરીટી અગ્રતા મુજબ સ્થળ પસંદગી કરાવી વતનનો લાભ આપવામાં આવેલ.

ગાંધીનગર શિક્ષણ નિયામક સુચના મુજબ ધોરણ ૬ થી ૮ માં ભાષા, ગણિત વિજ્ઞાન તેમજ સામાજિક વિજ્ઞાનના ૪૬ જેટલા શિક્ષકો માટે ઓફલાઈન કેમ્પ યોજાઈ ગયો તેમાં નિયમ મુજબની અગ્રીમતા તેમજ સિનીયોરીટી સ્થળ ઉપર વાંચી સંભળાવી કોઈ પણ ને અન્યાય ન થાય તે અંગેની તકેદારી રાખી સંપૂર્ણ પારદર્શીરીતે પોતાની પસંદગીનું સ્થળ મળી રહે તે મુજબ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

જૂનાગઢ જીલ્લા શિક્ષણાધિકારી ભાવશીહ વાઢેર દ્વારા કેમ્પનું સફળ આયોજન તેમજ સંચાલન કરી જૂનાગઢ જીલ્લામાં બદલી કરાવી આવતા શિક્ષકોને આવકારાયા હતા અને શિક્ષકોને સ્થળ પર જ બદલીના ઓર્ડરનું વિતરણ કરાયું હતું.

વનીતાબેન ચાવડા કે જેઓ ૨૪ વર્ષથી પોતાના વતનથી દુર રહી નોકરી કરતા હતા. તેમને આ કેમ્પમાં પોતાના વતનમાં જગ્યા મળી જતા તેઓં એ જણાવ્યું હતુ કે સરકાર દ્વારા જે આ પ્રમાણેના પારદર્શી કેમ્પનું આયોજન કરવામાં આવે છે. તે ખુબ સારી બાબત છે. અને અમે અમે અમારા વતનમાં પરિવારની ચિંતાથી મુક્ત થઈ યોગ્ય રીતે ફરજ નિભાવીશુ. તેમ એક યાદીમાં જણાવાયું છે.

# Agristack Project ફાર્મર રજીસ્ટ્રી પોર્ટલ ઉપર આવેલ ટેકનિકલ ખામીને દૂર કરી પોર્ટલ કાર્યરત કરાતા જાણ કરવામાં આવશે

જૂનાગઢ, તા.૨૩

જૂનાગઢ જિલ્લાના ખેડૂતોને જણાવવાનું કે ભારત સરકાર દ્વારા **Digital Public Infrastructuer for Agriculture**ના ભાગરૂપે **Agristack Projec** અમલમાં મુકેલ છે. **Agristack Project** હેઠળ રાજ્યના તમામ ખેડૂતોના આધાર લીંક રજીસ્ટ્રેશન માટે ફાર્મર રજીસ્ટ્રી અમલી કરેલ છે.

તારીખ ૧૫/૧૦/૨૦૨૪થી રાજ્યમાં તમામ ગ્રામ્ય કક્ષાએ કેમ્પ મોડ મારફત રજીસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ છે. હાલમાં ગુજરાત રાજ્યનું ફાર્મર રજીસ્ટ્રી પોર્ટલ ઉપર આવેલ ટેકનિકલ ખામીને કારણે રજીસ્ટ્રેશન થઈ શકતું નથી આથી પોર્ટલ પરની ખામી દૂર કરી પોર્ટલ કાર્યરત કરાતા વિવિધ દૈનિક સમાચારપત્રો મારફત તેની જાણ કરવામાં આવશે જેની નોંધ લેવા સૌ ખેડૂત મિત્રોને જણાવવામાં આવે છે.

આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક(તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક(તાલીમ)નો સંપર્ક કરવા એક યાદીમાં જણાવેલ છે.

# કોડીનાર કેફેના મારામારીના બનાવમાં સામા પક્ષે પોલીસ ફરીયાદ નોંધાવી

## કેફે સંચાલક સહિત ૧૦ શખ્સોએ હુમલો કરી ગંભીર ઈજાઓ પોહચાડી

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૨૩

કોડીનાર શહેરમાં આવેલા જગદીશ કેફે માં ગઈકાલે બનેલા મારામારીના બનાવમાં કેફે સંચાલક દ્વારા ગઈકાલે ૮ શખ્સો સામે પોલીસ ફરીયાદ કર્યા બાદ આજે સામા પક્ષ દ્વારા કેફે સંચાલકો સહિત ૧૦ શખ્સો વિરૂદ્ધ હુમલો કરી ગંભીર ઈજાઓ કર્યાની પોલીસ ફરીયાદ નોંધાવી હતી. આ અંગે શૈલેષ કરસનભાઈ વાઢેલ એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ તેમની માસીના દીકરાની પત્નિની ઈન્સ્ટાગ્રામ આઈ.ડી.માં ભાવિક સાવનિયાએ મેસેજ કરેલ હોય આ અંગે શૈલેષ અને વિશાલ બન્ને ફોર વહીલ ગાડીમાં ભાવિક સાવનિયા ની દુકાન જગદીશ કેફેમાં તેને ઠપકો આપવા જતાં દુકાનમાં અંદર બેઠેલા ભાવિક સાવનિયા, રાજ સાવનિયા, ભાવિકના ૩ કાકાઓ, તેના કાકાનો દીકરો, દિલીપ બાભણીયા, મયુર વાંજા અને કેફેમાં કામ કરતા ૨ માણસો સહિત ૧૦ લોકોએ શૈલેષ અને વિશાલ ઉપર હુમલો કરી શૈલેષને માથા ના ભાગે હેમરેજ જેવી ઈજા કરી તેમજ જડબા માં ફેક્ચર કરી શૈલેષ અને વિશાલ ઉપર ૧૦ શખ્સો એ લોખંડના પાઈપ લાકડાના ધોખા વડે આડેધડ માર મારી ગંભીર ઈજા કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે આ અંગે ફરીયાદ નોંધી આરોપીઓને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા JEEMainના વિદ્યાર્થીઓ માટે Targt 99 Percentile પ્રોગ્રામનું આયોજન

## સમગ્ર દેશની શ્રેષ્ઠ ફેકલ્ટીઝ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવશે સર્વ સમાજના વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે પ્રોગ્રામ ચલાવવામાં આવશે

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૩



વર્તમાન સમયમાં સમાજની અંદર અભ્યાસનું મહત્વ ખુબ વધતું જાય છે અને એમાં પણ ધોરણ ૧૨ સાયન્સમાં બાળક હોયતો બાળક તથા તેમના મા-બાપ પણ પરીક્ષાને લઈને સતત તણાવમાં રહેતા હોય છે. જેના લીધે છેલ્લી ઘડીએ બાળકો હિંમત હારી જાય છે અને પોતાનું લક્ષ્ય હાંસલ કરી શકતા નથી. સમાજના આવા જ સર્વે ભાઈઓ તથા બહેનોને ધ્યાનમાં રાખીને હરહંમેશ સેવાર્થે અગ્રેસર રહેતું શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ આ વખતે પણ ધોરણ-૧૨ સાયન્સના છ ગ્રુપના વિદ્યાર્થીઓ કે જેઓ ૨૦૨૪ની જાન્યુઆરી **JEE Main**ની એટલે કે **'First Attempt'**ની તૈયારી કરતાં હોય તેમના માટે **Targt 99Percentile** નામનો એક રેક્ર બુસ્ટર પ્રોગ્રામ લઈને આવી રહ્યા છે. સમાજ પ્રત્યે પોતાનું ઉત્તરદાયિત્વ સમજીને શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા આ પ્રોગ્રામ સર્વ સમાજના વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે ચલાવવામાં આવશે.

રાજકોટ શહેરના શ્રી સરદાર પટેલ ભવન ખાતે **Targª 99 Percentile** કાર્યક્રમ હેઠળ સમગ્ર દેશના શ્રેષ્ઠ ફેકલ્ટીઝ દ્વારા કે જેમની કોર ટીમમાં પ્રો. સુનિલ શર્મા ( **Mentor of AIR** ૨, ૧૧ , ૨૪ ), પ્રો. અંકિત અગ્રવાલ **(B.Tech IIT Delhi, Gold Medalist, President Medal Awardee, Worked Along With Super 30 Programme)**, પ્રો. મોહરસિંઘ **(B.Tech IIT, Roorkee – Mentor of AIR 10, 100 PR )**, પ્રો. સુનિલ રાણા ( **Indian Statistical Institute – Banglore&Leiden University- Norway)** દ્વારા વિદ્યાર્થીઓને સચોટ માર્ગદર્શન આપવામાં આવશે.

આ કાર્યક્રમ હેઠળ કોર ટીમ દ્વારા તૈયાર કરાયેલ ૪૫ દિવસના સચોટ રિવિઝન પ્લાન કે જેમાં ૪૫ દિવસનું **Daywise** પ્લાનિંગ કે જેમાં લેક્ચર, પ્રેક્ટિસ ક્લાસ, ટેસ્ટ સિરીઝ, હોમ વર્ક ટ્રેકિંગની સાથે માતા-પિતાને નિયમિત **Follow-up** આપવામાં આવશે. આ કાર્યક્રમમાં વહેલા તે પહેલાના ધોરણે વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન કરીને તેમની પસંદગી કરવામાં આવશે. વધુ માહિતી માટે મો.નં. ૭૦૬૯૯ ૨૯૨૯૫ ઉપર સંપર્ક કરવા એક યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢમાં બહેનોને સરકારી સહાય ઉપયોગી સેમિનાર યોજાયો

જૂનાગઢ, તા.૨૩

તાજેતરમાં શ્રી જૂનાગઢ મહિલા શરાફી સહકારી મંડળી લી. અને જૂનાગઢ જીલ્લા સહકારી સંઘના સંયુક્ત ઉપક્રમે ગૃહ ઉદ્યોગ ચલાવતી બહેનોને તેના વ્યવસાયમાં આર્થિક સહાય વેચાણ વિકાસ અને સરકારી સહાયમાં ઉપયોગી થતી બાબતોમાં વધુ જાણકારી પ્રાપ્ત થાય એ હેતુથી એક સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતું. પ્રમુખ સ્થાનેથી મંડળીના પ્રમુખ રસીલાબેન સોઢા એ સેમીનારનો હેતુ સમજાવેલ, સ્વાગત પ્રવચન ઉપ પ્રમુખ સાધનાબેન નિર્મળે કરેલ, કાર્યક્રમનું સંચાલન રૂપલબેન લખલાણી દ્વારા કરવામાં આવેલ હતું. જ્યારે અવનીબેન ઠાકર, અંજલીબેન સાવલીયા, નીશાબેન, કાજલબેન તથા રાજયભાઈ ઠાકર દ્વારા વિવિધ માહિતી સવિસ્તર આપવામાં આવેલ. લગભગ ૨૦૦ બહેનોએ આ સેમીનારમાં ભાગ લીધેલ હતો. કાર્યક્રમની આભાર વિધી ઝંખનાબેન ભીંડોરા એ કરેલ, કાર્યક્રમને સફળ બનાવવા હીનાબેન મજમુદાર, અલકાબેન ઉપાધ્યાય, પુર્ણિમાબેન માંકડ, તન્વીબેન વૈષ્ણવ, ધર્મિષ્ઠાબેન જસાણી, તુલસીબેન કનેરિયા, નરેન્દ્રભાઈ ધુચલાએ જહેમત ઉઠાવેલ હતી અને કાર્યક્રમને અંતે બધાએ સમુહ ભોજન કરેલ હતું.

# ખંભાળિયામાં જીલ્લાના મીડિયા કર્મીઓ માટે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

## ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અને માહિતી ખાતાનું સંયુક્ત આયોજન




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૩

ભારે હાલાકી વેઠીને વિવિધ સમાચારો લોકો સુધી પહોંચાડવા માટે મીડિયા કર્મીઓ દિવસ-રાત ફિલ્ડ પર કાર્યરત રહે છે. ત્યારે તેમના આરોગ્યની સંભાળ લેવા માટે રાજય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આના અનુસંધાને ખંભાળિયામાં જિલ્લાના પત્રકારો માટે રેડક્રોસ સોસાયટી અને માહિતી વિભાગના સંયુકત ઉપક્રમે શુક્રવારે નિઃશુલ્ક આરોગ્ય તપાસ માટેનો કેમ્પ યોજાયો હતો. ખંભાળિયામાં જલારામ મંદિર ખાતે યોજાયેલા આ કેમ્પમાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારોએ ભાગ લીધો હતો. આ કેમ્પમાં વિવિધ બ્લડ ટેસ્ટ તેમજ ૩૫ વર્ષથી વધુ વયના પત્રકારો માટે ઈ.સી.જી. અને એકસ-રે ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આ કેમ્પને સફળ બનાવવા માટે દેવભૂમિ દ્વારકા જિલ્લા માહિતી કચેરીની ટીમ તેમજ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દેવભૂમિ દ્વારકાના ચેરમેન કિરીટભાઈ મજીઠીયા તેમજ સંસ્થાના સભ્યો તથા કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

# જૂનાગઢ સંગ્રહાલય દ્વારા ઓપેરા હાઉસની ઉત્ક્રાંતિ વિષય ઉપર રવિવારે વક્તવ્ય યોજાશે

જૂનાગઢ, તા.૨૩

રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, નિયામક , સંગ્રહાલય વિભાગ અને જૂનાગઢ મ્યુઝિયમ દ્વારા આવતીકાલ તા.૨૪/૧૧/૨૦૨૪ રવિવારે ઓપેરા હાઉસની ઉત્ક્રાંતિ વિષય ઉપર વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૧૧ વાગ્યે સંગ્રહાલય ભવન, ઓપેરા હાઉસ, જમીન દફતર કચેરી પાસે, જૂનાગઢ ખાતે યોજાનાર કાર્યક્રમમાં જાણીતા કલાકાર શિલ્પા સાગર ઓપેરા હાઉસની ઉત્ક્રાંતિ વિષય પર વકતવ્ય આપશે. સંગ્રહાલયના ક્યૂરેટર ડો. શેફાલિકા અવસ્થીએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જાહેર જનતાને નિમંત્રણ આપ્યું છે તેમ એક યાદીમાં જણાવાયું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# ઘૂસણખોરોની વધતી સમસ્યાનો નિકાલ ક્યારે?

અસમ, બંગાળ અને ત્રિપુરામાં જ્યારે પણ ચૂંટણી આવે છે, ત્યારે અન્ય અનેક મુદ્દાની સાથે બાંગ્લાદેશી ઘૂસણખોરોનો મુદ્દો અવશ્ય ઉઠે છે. આ વખતે એવું ઝારખંડમાં પણ થયું. બાંગ્લાદેશથી થનારી ઘૂસણખોરી વિધાનસભા ચૂંટણીઓમાં મોટો મુદ્દો બન્યો હતો. જ્યાં ભાજપે એના પર ભાર મૂક્યો બાંગ્લાદેશથી બંગાળના રસ્તે આવનારા બાંગ્લાદેશી ન માત્ર ઝારખંડની જનસંખ્યા બદલી રહ્યા છે, બલ્કે આદિવાસી યુવતીઓ સાથે લગ્ન કરી રહ્યા છે અને તેમની જમીન પણ હડપી રહ્યા છે, જ્યારે સત્તારૂઢ ઝારખંડ મુક્તિ મોરચાનુ માનીએ તો ભાજપ જે કંઈ કહી રહી છે તે સાચું નથી. ઝામુમો નેતાઓનું કહેવું છે કે જો બાંગ્લાદેશથી ઘૂસણખોરી થઈ રહી છે તો પછી જવાબદાર કેન્દ્ર સરકાર છે, કારણ કે સીમા સુરક્ષા તેની જ જવાબદારી છે. ખબર નહીં ઝારખંડની જનતાએ કોની વાતો માનીને મત આપ્યા, પરંતુ તેની અવગણના ન કરી શકાય કે બાંગ્લાદેશી ઘૂસણખોરોનો મુદ્દો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચી ચૂક્યો છે.

બે વર્ષ પહેલાં ઝારખંડ હાઈકોર્ટમાં જમશેદપુરના સૈયદ દાનિયાલ દાનિશ તરફથી દાખલ કરવામાં આવેલ જનહિત અરજીમાં કહેવામાં આવ્યું હતું કે સાહિબગંજ, પાકુડ, ગોડ્ડા, દુમકા, જામતાડા વગેરે જિલ્લામાં આદિવાસી આબાદી ઘટી રહી છે, કારણ કે બાંગ્લાદેશી ઘૂસણખોરોને આદિવાસીઓની જમીન પર વસાવવામાં આવે છે. વાસ્તવમાં ભાજપ બાંગ્લાદેશી ઘૂસણખોરોને લઈને જે કંઈ કહી રહી છે, તે લગભગ એ જ છે જે દાનિશની અરજીમાં કહેવામાં આવ્યું છે. આ અરજી પર સુનાવણી કરતાં સપ્ટેમ્બરમાં ઝારખંડ હાઈકોર્ટે આદેશ આપ્યો કે બાંગ્લાદેશી ઘૂસણખોરોને શોધવા માટે કેન્દ્ર અને રાજ્યના અધિકારીઓની એક તથ્ય શોધક કમિટી બનાવવામાં આવશે. ઝારખંડ સરકાર પહેલાં તો તેના માટે તૈયાર થઈ ગઈ, પરંતુ પાછળથી ફરી ગઈ અને હાઈકોર્ટના આદેશ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગઈ. ગત દિવસોમાં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પોતાનો પક્ષ રજૂ કરવાનું કહ્યું છે. ખબર નહીં સુપ્રીમ કોર્ટ કયા નિષ્કર્ષ પર પહોંચશે, પરંતુ આ એક સચ્ચાઈ છે કે બાંગ્લાદેશથી ઘૂસણખોરી થાય છે. જો બંગાળના રસ્તે ઘૂસેલા બાંગ્લાદેશી ઝારખંડ આવીને વસી ગયા હોય તો આશ્ચર્ય નહીં. એમ પણ એ સત્ય છે કે ઝારખંડના આદિવાસી બહુલ વિસ્તારોમાં ડેમોગ્રાફી બદલાઈ ગઈ છે. તે અસમ, ત્રિપુરા અને બંગાળમાં પણ બદલાઈ છે અને હવે તો ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશ્યલ સાયન્સિસના રિપોર્ટ અનુસાર મુંબઈમાં પણ બાંગ્લાદેશીઓ અને રોહિંગ્યાઓને કારણે આબાદીનું સંતુલન બગડી રહ્યું છે. આ રિપોર્ટ અનુસાર જો આ જ હાલ રહ્યા તો ૨૦૫૧ સુધીમાં મુંબઈમાં હિંદુ આબાદી ઘટીને ૫૪ ટકાથી પણ ઓછી થઈ જશે અને બાંગ્લાદેશી ઘૂસણખોરો અને રોહિંગ્યાઓને કારણે મુસ્લિમ આબાદી ૩૦ ટકા થઈ જશે. આ રિપોર્ટ અનુસાર ૨૦૧૧માં મુંબઈમાં હિંદુઓની આબાદી ૬૬ ટકા અને મુસલમાનોની ૨૧ ટકા હતી. આ રિપોર્ટમાં કહેવાયું છે કે કેટલાક રાજકીય સંગઠનો વોટબેંકના રાજકારણ માટે ગેરકાયદે ઘૂસણખોરોનો ઉપયોગ કરે છે. ચૂંટણીને કારણે ભાજપે આ રિપોર્ટનો જોરશોરથી ઉલ્લેખ કરવાનું ચાલુ કરી દીધું છે, પરંતુ શું આટલું પૂરતું છે?

બાંગ્લાદેશથી ભારતમાં ત્યારથી ઘૂસણખોરી થઈ રહી છે, જ્યારે તે પૂર્વ પાકિસ્તાન હતું. ૧૯૭૧માં પૂર્વ પાકિસ્તાન બાંગ્લાદેશ બની ગયા બાદ ત્યાંથી ઘૂસણખોરી ચાલુ રહી અને હજુ પણ થઈ રહી છે. બંગાળ, અસમ, ત્રિપુરાના રસ્તે ગેરકાયદે ભારત આવેલા બાંગ્લાદેશી ઘૂસણખોરો રોજ દેશના વિભિન્ન હિસ્સામાં પકડાય છે. થોડા સમય પહેલાં પુણેમાં ૨૧ બાંગ્લાદેશી ઘૂસણખોરોની ધરપકડ કરવામાં આવી. તેમની પાસે નકલી આધાર, પાન અને વોટર આઈડી પણ હતાં. આ જ રીતે હાલમાં અમદાવાદમાં લગભગ ૫૦ બાંગ્લાદેશીઓની ધરપકડ કરવામાં આવી. તેમાંથી કેટલાયની પાસે નકલી ઓળખપત્રો હતાં. એના પર ચકિત થવાની જરૂર નથી કે ભારતમાં ઘૂસનારા બાંગ્લાદેશી પુણે, અમદાવાદ સુધી કેવી રીતે પહોંચી રહ્યા છે, કારણ કે પૂર્વોત્તરનાં રાજ્યોની સીમામાં ઘૂસીને રોહિંગ્યાઓએ દિલ્હી, જમ્મુ, હૈદરાબાદ સુદ્ધાંમાં પોતાનાં ઠેકાણાં બનાવી લીધાં છે. કહેવું મુશ્કેલ છે કે દેશમાં કેટલા બાંગ્લાદેશી અને રોહિંગ્યા ઘૂસણખોરો છે, પરંતુ એ પાકું છે કે તેઓ ઠીકઠાક સંખ્યામાં છે. પ્રશ્ન એ છે કે તેમની ઘૂસણખોરી અટકી કેમ નથી રહી? માત્ર એટલું જ પૂરતું નથી કે બાંગ્લાદેશી ઘૂસણખોરોને ચૂંટણીનો મુદ્દો બનાવવામાં આવે. આ મુદ્દાનું સમાધાન પણ થવું જોઈએ અને તે પણ પ્રાથમિકતાના આધાર પર.

ભાજપ બંગાળ અને ઝારખંડના મુખ્યમંત્રીઓ પર એ આરોપ લગાવીત રહી છે કે તે બાંગ્લાદેશી ઘૂસણખોરો પર ઉદાર વલણ ધરાવે છે અને તેમને પોતાની વોટબેંક બનાવવાની તાકમાં રહે છે. એવો જ આરોપ રોહિંગ્યાઓને લઈને પણ લાગે છે. એ નિષ્કર્ષ પર પહોંચવાનાં ઘણાં કારણો છે કે બાંગ્લાદેશીઓ અને રોહિંગ્યાઓની ઘૂસણખોરી કરાવીને તેમને સુનિયોજિત રીતે ભારતીય નાગરિક બનાવવામાં આવે છે, પરંતુ આ સવાલમાં પણ દમ છે કે આખરે કેન્દ્ર સરકાર ઘૂસણખોરી રોકવા માટે શું કરી રહી છે? સીમાઓની સુરક્ષાની સાથે ઘૂસણખોરોની ઓળખ કરવી અને તેમને હાંકી કાઢવા તેનું જ કામ છે.

છેલ્લા દસ વર્ષમાં ગૃહમંત્રીથી લઈને વડાપ્રધાન કેટલીય વાર બાંગ્લાદેશી અને રોહિંગ્યા ઘૂસણખોરોનો મુદ્દો ઉઠાવી ચૂક્યા છે, પરંતુ તેમની ઘૂસણખોરી રોકવા અને તેમને નિષ્કાસિત કરવા મામલે પરિણામ શૂન્ય રહ્યું છે. ઘૂસણખોરી એક રાષ્ટ્રઘાતી સમસ્યા છે. આ સમસ્યા પર બૂમરાણ મચાવાને બદલે તેનું સમાધાન થાય તે જરૂરી છે. ઘૂસણખોરો એટલે કે ગેરકાયદે આપ્રવાસી પશ્ચમી દેશોમાં પણ એક મોટો મુદ્દો બની ગયા છે, પરંતુ તેઓ તેમને હાંકી કાઢવા મુદ્દે ગંભીર છે. દુર્ભાગ્યે આપણા દેશમાં ઘૂસણખોરો માત્ર ચૂંટણી મુદ્દા સુધી જ સીમિત રહી જાય છે.

# ઐશ્વર્યા - અભિષેકના ડિવોર્સના સમાચારો મુદ્દે આખરે અમિતાભે મૌન તોડ્યું

## કોઈનું નામ લીધા વિના બ્લોગમાં લખ્યું - અટકળો એ માત્ર અટકળો છે, ચકાસણી વિના તેને સત્ય માનવું ખોટું છે




મુંબઈ,તા.૨૩

અભિનેતા અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય વચ્ચેના પરસ્પર મતભેદોને લઈને ભારે ચર્ચાઓ જોવા મળી રહી છે. ૧૭ વર્ષ પહેલા લગ્ન કરનાર આ કપલ હાલમાં છૂટાછેડાની અફવાને લઈને ચર્ચામાં છે અને દરરોજ અભિષેક - ઐશ્વર્યાને લઈને અલગ-અલગ પ્રકારના સમાચારો સામે આવે છે. હવે પરિવારમાં ચાલી રહેલા મતભેદની આ અટકળો પર સદીના મેગાસ્ટાર અમિતાભ બચ્ચન તરફથી પ્રતિક્રિયા આવી છે, જેમાં તેમણે ઘણા મહત્વપૂર્ણ પાસાઓ પર ખુલીને વાત કરી છે.

તાજેતરમાં, ઐશ્વર્યા રાય અને અભિષેક બચ્ચન વચ્ચે છૂટાછેડાની અફવાઓ અંગે, અમિતાભે તેમના નવીનતમ બ્લોગ પોસ્ટમાં કોઈનું નામ લીધા વિના લખ્યું છે - અલગ રહેવા માટે અને જીવનમાં કોઈની હાજરી પર વિશ્વાસ કરવા માટે ઘણી હિંમત અને ખાતરીની જરૂર પડે છે. મને મારા પરિવાર વિશે બહુ ઓછી વાત કરવી ગમે છે, કારણ કે આ માત્ર મારું ક્ષેત્ર છે અને તેની ગોપનીયતા જાળવવી મારી ફરજ છે. અટકળો એ માત્ર અટકળો છે અને કોઈપણ ચકાસણી કર્યા વિના તેને સત્ય તરીકે સ્વીકારવું અત્યંત ખોટું છે અને સફેદ અસત્ય સમાન છે. જેઓ તેમની ચકાસણી માટે કહે છે તેમની રજૂઆતને હું પડકારીશ નહીં. અમિતાભ બચ્ચનની આ બ્લોગ પોસ્ટ પરથી સરળતાથી અનુમાન લગાવી શકાય છે કે તેઓ કોના વિશે વાત કરી રહ્યા છે. જોકે, બિગ બીએ પોસ્ટમાં કોઈ નામનો ઉલ્લેખ કર્યો નથી.

# મોંઘવારીમાં અડીખમ ખાદ્યચીજોના ભાવ બે વર્ષની ટોચે




નવી દિલ્હી,તા.૨૩

લાંબા ચોમાસા બાદ વાતાવરણ બની ગયુ છે. નવી ખરીફ સીઝન ભરપુર છે.છતાં ખાદ્ય મોંઘવારીમાં મોરચે કોઈ રાહત મળતી નથી. હજુ ખાદ્યચીજોના ભાવો બે વર્ષનાં સર્વોચ્ચ સ્તરે રહ્યા છે. ડુંગળી, બટેટા, તથા ટમેટામાં તેજી યથાવત છે. અમુક લિલા શાકભાજીને બાદ કરતા તમામમાં ભાવ ઉંચા જ છે. રિઝર્વ બેંકનાં નવેમ્બર માસનાં રીપોર્ટમાં સ્વીકાર કરવામાં આવ્યો છે કે ડુંગળી-બટેટા, લસણ, શાકભાજી તથા ખાદ્યતેલની સીઝનમાં તેજી જળવાયેલી છે. રીટેઈલ માર્કેટમાં ડુંગળીના ૬૦ થી વધુનાં ભાવ છે. બટેટાનાં ભાવ ૪૦-૫૦ થી નીચે આવતા નથી ટમેટાના રૂા.૫૦ થી ૯૦ છે રીઝર્વ બેંકના જ આંકડા મુજબ ૨૦૨૨ નવેમ્બરમાં ટમેટા રૂા.૨૦ તથા ડુંગળી બટેટાનાં ૩૦ રૂપિયાથી પણ ઓછા હતા.

આજ રીતે ખાદ્યતેલોમાં પણ ભાવ સર્વોચ્ચ સ્તરે છે.છેલ્લા બે માસમાં કઠોળ-દાળની કિંમતમાં પણ તેજી થઈ છે. ચણાદાળનાં રીટેઈલ ભાવ રૂા.૮૦ થી ૯૫, તુવેરદાળનાં ૧૭૦ થી વધુ છે. ઘઉંનો લોટ પણ ૨૦ થી વધીને ૩૪ થયો છે.દેશના મહાનગરો સહીત નાના સેન્ટરોમાં મોંઘવારીનો ઉહાપોહ છે.સરકાર દ્વારા દિલ્હી, કોલકતા, ચેન્નાઈ, સહીતના મહાનગરોમાં સસ્તા ભાવે ડુંગળીનું વેંચાણ કરવામાં આવી જ રહ્યું છે. જાણકારોનાં કહેવા પ્રમાણે દેશમાં આ વર્ષે ચોમાસું લાંબુ ચાલ્યુ હતું. અનેક કૃષિ ઉત્પાદક રાજયોમાં લાંબો વખત વરસાદ ચાલુ રહેતા કૃષિ સિઝનમાં વિલંબવાળો હતો.પાકમાં નુકશાની થઈ હતી અને તેનો પ્રત્યાઘાત ખાદ્યચીજોનાં ભાવ પર પડયો હતો. ખાસ કરીને શાકભાજીનાં ઉત્પાદને મોટો ફટકો હતો.રિઝર્વ બેંકનાં રીપોર્ટ મુજબ મગફળી, સરસવ તથા સુર્યમુખીનાં ભાવોમાં મોટો વધારો થયો હતો.

# ચાર જેટલા ગૃપ ડિસ્કશનમાં મંત્રીઓ અને વરિષ્ઠ સચિવો સહભાગી થયા

સોમનાથ, તા.૨૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સોમનાથ ખાતે યોજાઈ રહેલી ૧૧મી ચિંતન શિબિરના બીજા દિવસે રાજ્ય મંત્રી મંડળના મંત્રીઓ તથા વરિષ્ઠ સચિવો અને અધિકારીઓએ ગુજરાતની સર્વગ્રાહી વિકાસ યાત્રાને વધુ ગતિ આપવાના હેતુથી વિવિધ વિષયો પર ગૃપ ડિસ્કશન કરીને પરિણામદાયી ચિંતન-મંથન કર્યું હતું. જે વિષયો પર જૂથ ચર્ચા કરવામાં આવી હતી તેમાં રોજગારીની નવી તકો ઊભી કરવી, તેમજ કૃષિ અને પશુપાલના સર્વાંગી વિકાસ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં આવક વધારવી જેવા વિષયે મંત્રીશ્રીઓ, સચિવો સહિતના ઉચ્ચ અધિકારીઓએ વિચાર-વિમર્શ કર્યા હતાં. આ ઉપરાંત, રાજ્ય અને કેન્દ્ર સરકારની જનહિતકારી યોજનાઓનો લાભ ૧૦૦ ટકા લાભાર્થી સુધી પહોંચાડવા સેચ્યુરેશન એપ્રોચથી સાથે મળીને આગળ વધવા અને જરૂરતમંદ પ્રત્યેક લાભાર્થીને આવરી લેવા સંદર્ભે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા પ્રવાસન વિકાસના યોગદાન અંગે જિલ્લા અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ભૂમિકા વિષયે પણ સામૂહિક ચર્ચા કરવામાં આવી હતી.

# વૈજ્ઞાનિકોએ શેવાળમાંથી બાયોડિઝલ બનાવ્યું

## મોતીલાલ નેહરૂ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીનાં વૈજ્ઞાનિકોએ ત્રણ વર્ષમાં બાયોડિઝલ તૈયાર કર્યું



પ્રયાગરાજ તા.૨૩

વૈજ્ઞાનિકોએ શેવાળમાંથી બાયોડીઝલ તૈયાર કર્યું છે. મોતીલાલ નેહરુ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના વૈજ્ઞાનિકોએ બાયો ડીઝલ બનાવવા માટે આયોનિક લિક્વિડ આધારિત ફોટોકૈટલિસ્ટ ટેકનોલોજી વિકસાવી છે. આ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને લેબમાં શેવાળ અને નકામા તેલમાંથી બાયોડીઝલ બનાવવામાં આવ્યું છે. ભારત સરકારે તેને ૨૦ વર્ષ માટે પેટન્ટ આપી છે. સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગનાં ડો. સુશીલ કુમાર અને ડો. દીપેશ એસ પટલેને એક પ્રોજેક્ટ આપવામાં આવ્યો હતો.આ પ્રોજેક્ટમાં ત્રણ વર્ષમાં બાયો ડીઝલ બનાવવામાં આવ્યું છે.

પ્રથમ તબક્કામાં આયનીય પ્રવાહી ઉત્પ્રેરક સાથે અદ્યતન અલ્ટ્રાસોનિક રિએક્ટરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

વૈજ્ઞાનિકોના મતે માઈક્રોવેવ, અલ્ટ્રાસાઉન્ડ અને પ્રકાશનો ઉપયોગ કરીને પ્રક્રિયાને ઝડપી બનાવવામાં આવશે. ફોટોકેટલિસ્ટનો ઉપયોગ શેવાળના ઉત્પાદનને પ્રોત્સાહન આપે છે અને સૌર ઉર્જાનો ઉપયોગ ઉત્પ્રેરક તરીકે કરવામાં આવ્યો હતો. શેવાળમાંથી તૈયાર બાયોડીઝલને ડીઝલના વિકલ્પ તરીકે જોવામાં આવે છે. આ જૈવ ઈંધણ બાયો ડીઝલના ઉત્પાદનમાં નોંધપાત્ર યોગદાન આપી શકે છે. ઉપરાંત, વિવિધ ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગોના કચરાનો પણ ઉપયોગ કરી શકાય છે.

# મુખ્યમંત્રીના કાફલા સામે કાળાવાવટા દેખાડવું એ અપરાધ નથી : હાઈકોર્ટ

## શાંત વિરોધ કરવો નાગરિકોનો અધિકાર અને લોકશાહીનું જરૂરી 'તત્વ' છે




નવી દિલ્હી તા.૨૩

દેશના વિરોધ કરવાના નાગરિકોના અધિકારોને માન્ય રાખીને તેની સામેની કાર્યવાહીને ફગાવતા એક મહત્વના ચુકાદામાં કેરળ હાઈકોર્ટે સ્પષ્ટ જણાવ્યું હતું કે મુખ્યમંત્રીના કાફલા સામે કાળા વાવટા ફરકાવવા તે કોઈ અપરાધ નથી અને તે અપમાનજનક કે ગેરકાનુની ગણી શકાય નહી. હાઈકોર્ટના ન્યાયમૂર્તિ બંછુ કુરિયન થોમસે ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૯૯ હેઠળ ડેફમેટરી એટલે કે અપમાનજનકની વ્યાખ્યા કરતા આ ચુકાદો આપ્યો હતો અને જણાવ્યું હતું કે શાંતિપૂર્વકનો વિરોધ એ બંધારણીય અધિકાર છે અને તેને અસંમતી કે વિરોધનું પ્રદર્શન ગણી શકાય પણ તેને અપરાધ કહી શકાય નહી. હાઈકોર્ટે જણાવ્યું કે, વિરોધ-દેખાવો જો લોકશાહીનો એક આવશ્યક ભાગ છે અને તે લોકશાહી ઢબે વિરોધ વ્યક્ત કરવાનો એક માર્ગ છે અને તે શાસનને વધુ મજબૂત બનાવવામાં ભૂમિકા ભજવે છે. સીસ્ટમ નબળી થતી નથી.

કેરળના અર્નાકુલમ જીલ્લામાં ઉતર પારાવુરમાં મુખ્યમંત્રીના કાફલા સામે કાળા વાવટા દેખાડનાર કોંગ્રેસના બે કાર્યકર્તાઓના કેસને હાઈકોર્ટે રદ કર્યો હતો. અદાલતે કાળા વાવટાને વિરોધનું એક સામાન્ય વિરોધ પ્રદર્શનનું પ્રતિક છે અને તેનો અર્થ વ્યાપક રીતે આપવામાં આવતો સંદેશ છે. ઉપરાંત અહી જે કાળાવાવટા સામે વિરોધ પ્રદર્શન થયુ તેણે મુખ્યમંત્રીના કાફલાને રોકવાની કોઈ કોશીશ કરી ન હતી. પોલીસે દરમ્યોનગીરી કરી દેખાવકારોને અલગ કરીને દૂર લઈ જવામાં આવ્યા હતા.

# ખંભાળિયામાં બેંક ઓફ બરોડા દ્વારા કિસાન પખવાડાનું આયોજન કરાયું : કૃષિ લોનમાં રૂા.૨૦ કરોડનું વિતરણ કર્યું

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

ખંભાળિયામાં બેંક ઓફ બરોડાની જામનગર ક્ષેત્રીય કચેરી દ્વારા "કિસાન પખવાડા" કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૃષિ વિકાસ અને ગ્રામીણ વિકાસને ટેકો આપવાની પ્રતિબદ્ધતા પર ભાર મૂકવામાં આવ્યો હતો. ઈવેન્ટ દરમિયાન, બી.કે.સી.સી. (કિસાન ક્રેડિટ કાર્ડ), ફૂડ એગ્રો અને બી.એ.એચ.એફ.સી.સી. લોન સહિતની વિવિધ યોજનાઓ હેઠળ ૧૦૦ થી વધુ ખાતાધારકોને રૂા.૨૦ કરોડની લોન મંજૂર કરવામાં આવી હતી અને તેનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો હેતુ ખેડૂતોને બેંકની કૃષિ લોન પહેલ હેઠળ આપવામાં આવતા લાભો અને તકો વિશે સુગમતા અને શિક્ષિત કરવાનો હતો. આ કાર્યક્રમમાં ડેપ્યુટી જનરલ મેનેજર જે.બી. રોહડા, ક્ષેત્રીય પ્રબંધક ચંદન સિંહ, ઉપ ક્ષેત્રીય પ્રબંધક નવી સાહા સહિતના મહાનુભાવો સાથે બેંકનો સ્ટાફ અને લાભાર્થીઓનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બેંકે તેના ગ્રાહકો માટે વૃદ્ધિ અને સમૃદ્ધિ સુનિશ્ચિત કરીને આધુનિક ટેક્નોલોજી અને વ્યક્તિગત આધારના મિશ્રણ સાથે શ્રેષ્ઠ બેંકિંગ સેવાઓ અવિરત રીતે પ્રાપ્ય બને તેવી પ્રતિબદ્ધતા વ્યક્ત કરી કરી.

# ખંભાળિયામાં પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં પોલીસની ફરજમાં રૂકાવટ કરતા શખ્સ સામે ગુનો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

ખંભાળિયા નજીક રામનગર વિસ્તારમાં આવેલા પોલીસ હેડ ક્વાર્ટર નજીકના પરેડ ગ્રાઉન્ડમાં સવારના સમયે પોલીસ સ્ટાફની પરેડ પ્રેક્ટિસ ચાલી રહી હતી. જેમાં પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા. ત્યારે આ પ્રેક્ટિસ દરમિયાન અહીંથી જુના તથીયા ગામનો સંજય લાખાભાઈ કરમુર નામનો શખ્સ તેનું જી.જે. ૩૭ પી. ૯૨૯૩ નંબરનું મોટરસાયકલ લઈને ત્યાંથી નીકળતા અહીં રહેલા પોલીસ હેડ કોન્સ્ટેબલ છત્રપાલસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા (ઉ.વ. ૩૦, રહે. ભોપલકા) એ તેને રોક્યો હતો. અને અહીં પરેડ પ્રેક્ટિસ ચાલુ હોવાથી પરેડ ગ્રાઉન્ડમાંથી નહીં નીકળવા માટે તેને સમજાવ્યું હતું. પરંતુ આરોપી શખ્સે હેડ કોન્સ્ટેબલ છત્રપાલસિંહ તેમજ અન્ય પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ સાથે બેફામ વર્તણૂક કરી, ગાળાગાળી કરી અને હુમલો કર્યો હતો. આટલું જ નહીં, આરોપી સંજય કરમુર દ્વારા ધમકી પણ આપવામાં આવતા આ સમગ્ર ઘટનામાં પોલીસ ફરજમાં રૂકાવટ થવાથી ખંભાળિયા પોલીસે આરોપી સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. નોયડા દ્વારા હાથ ધરવામાં આવી છે.

# ખંભાળિયાના ગોવિંદ તળાવનું દબાણ હટાવવા છેક દિલ્હીથી થયા આદેશો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

ખંભાળિયા શહેરમાં છેલ્લા ઘણા સમયથી અનેક સ્થળોએ નાના-મોટા દબાણો થાય છે. ત્યારે આજથી આશરે અઢી દાયકા પૂર્વે ખંભાળિયામાં તત્કાલીન જામનગર જિલ્લા પોલીસ વડા સતીશ વર્મા દ્વારા ખૂબ મોટાપાયે ઓપરેશન ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું. જે-તે સમયે સમગ્ર રાજ્યમાં ચર્ચાનો વિષય બની ગયેલા આ ઓપરેશનમાં અનેક નાના મોટા દબાણો ધ્વસ્ત કરાયા હતા. જે આજે પણ દાખલા રૂપ બની રહ્યા છે. ત્યારે અહીંના પોસ રહેણાંક વિસ્તાર એવા નવાપરાના છેવાડે આવેલા ગોવિંદ તળાવ પરના દબાણો દૂર કરવા માટે છેક દિલ્હીથી પત્ર દ્વારા આદેશ થતા ભારે ચર્ચા જાગી છે. ખંભાળિયાના શક્તિનગર વિસ્તાર નજીક આવેલું ગોવિંદ તળાવ એક સમયનું અહીંનું મોટું તળાવ હતું. આ તળાવ ભરાયેલું રહેતા લોકોના બોર-કુવામાં પાણી અખૂટ રહેતું હતું. પરંતુ દાયકાઓ પૂર્વે તંત્રની ઢીલી નીતિના કારણે તળાવના કાંઠાની બંને બાજુ મોટી સંખ્યામાં મકાન બનાવા લાગતા તેમજ ક્યાંક આ તળાવને બુરીને બાંધકામો થઈ જતા મોટાભાગે દર ચોમાસામાં આ મકાનો ફરતા વરસાદી પાણી આવી જાય છે. તો આ તળાવમાં એક સમાજ વાડી પણ બનવા લાગતા તે દબાણ હટાવાયું હતું. આ પછી તાજેતરમાં છેક દિલ્હીથી તળાવ ઉપરનું આ દબાણ હટાવવા માટેનો આદેશ સરકારી તંત્ર દ્વારા આપીને પાલિકા તથા પ્રાંત અધિકારીને ગોવિંદ તળાવ વિસ્તારના દબાણો દૂર કરવા માટે સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે આ અંગે કયા અધિકારી કેવી રીતે કામ કરશે? તેવો સવાલ પણ ચર્ચામાં છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ઈજ્જત, આબરુ પૈસાથી નહિં પણ નમ્રતાના ગુણોથી મળે છે...

- રૂમાંગા

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.તીર-૧૩૯૪, મુ. જમાદુલ અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, કારતક વદ-૮ કાલાષ્ટમી, શ્રી કાલભૈરવ જયંતિ તા.૨૩ નવેમ્બર ૨૦૨૪, શનિવાર, પારસી તા.૧૧, મુસ્લિમ તા.૨૦, મઘા નક્ષત્ર, ઐન્દ્ર યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૭:૧૦, સૂ.અ.૬:૦૪

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ભાગીદાર વર્ગ સાથે ઘર્ષણ થવાની સંભાવના છે. મનનું ધાર્યું થાય નહીં.
વૃષભ:માનસિક અશાંતિ અનુભવાય. મનની મુરાદ બર ન આવે.
મિથુન:ગૃહવિવાદ થવાના યોગ છે. આર્થિક સમસ્યા હળવી બને.
કર્ક: લાભની તક સાંપડે. નોકરી-ધંધાને લગતા કાર્યો સફળ બને.
સિંહ: વિઘ્નમાંથી માર્ગ મળે. કાર્ય સફળ થાય.
કન્યા: માનસિક તનાવ અનુભવાય. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.
તુલા: વ્યવસાયિક કાર્યોમાં રૂકાવટ આવે. ધીરજની કસોટી થાય.
વૃશ્ચિક:લાભની તક સાંપડે. માનસિક આનંદમાં દિવસ વ્યતિત થાય.
ધન: અંગત મુંઝવણ સતાવે. પડવા-વાગવાથી સંભાળવું.
મકર: ચંચળતાસભર દિવસ વિતે. આર્થિક લાભની તક સાંપડે.
કુંભ: જીવનસાથી સાથે ઘર્ષણ થાય. આવકમાં વધારો થાય.
મીન: નાણાંકીય સમસ્યાનો ઉકેલ મળે. આરોગ્ય બાબતે સાવચેતી રાખવી.

GPSC દ્વારા મોટા પાયે સરકારી ભરતીની જાહેરાત બહાર પડાઇ

# રાજ્ય સરકારના આરોગ્ય વિભાગમાં ૧૫૦૦ ડોક્ટર્સ સહિત બે હજારથી વધુની ભરતી કરાશે



ગાંધીનગર, તા.૨૩ સરકારના આરોગ્ય વિભાગમાં ડોક્ટર્સ સહિત વિવિધ પોસ્ટ ઉપર મોટા પાયે ભરતી કરવાની જાહેરાત કરવામાં આવી છે. GPSC દ્વારા આરોગ્ય વિભાગની સૌથી મોટી ભરતી અંગે જાહેરાત કરવામાં આવી છે. જાહેરાત મુજબ આરોગ્ય વિભાગમાં આગામી સમયમાં ૧૫,૦૦૦ ડોક્ટર્સ સહિત ૨,૦૦૦થી પણ વધુની ભરતી કરવામાં આવશે. ભરતી અંગેની સંપૂર્ણ માહિતી GPSC દ્વારા વેબસાઈટ ઉપર મૂકવામાં આવી છે. આ જાહેરાત અંતર્ગત ૧૫૦૦ જેટલા ડૉક્ટરની ભરતી કરવામાં આવશે. આ સિવાય જનરલ સર્જનની ૨૦૦ જગ્યા ભરવામાં આવશે. ફિઝિશિયનની ૨૨૭ જગ્યા, ગાયનેકોલોજિસ્ટની ૨૭૩ જગ્યા ઉપર ભરતી કરાશે તેમજ વીમા અધિકારીની ૧૪૭ જગ્યા ઉપર ભરતી કરાશે. લાયકાત ધરાવતા તમામ ઉમેદવાર તમામ પોસ્ટ માટે ગુજરાત જાહેર સેવા આયોગની વેબસાઈટ ઉપર ઓનલાઈન જ અરજી કરી શકશે. ૨૧ નવેમ્બર, ૨૦૨૪ બપોરે ૧ વાગ્યાથી ૧૦ ડિસેમ્બર, ૨૦૨૪ રાત્રે ૧૧.૫૯ સુધી ઓનલાઈન જ અરજીઓ કરી શકે છે. આ સાથે જ જગ્યાઓની મુખ્ય અને અગત્યની વિગતો જેમ કે ઉંમર ઉંમરમાં છૂટછાટ, શૈક્ષણિક લાયકાત, અનુભવ, પગાર, અરજી કરવાની ફી, ઓનલાઈન અરજી કરવાની રીત અને ભરતીના નિયમો વેબસાઈટ ઉપર જ વાંચી શકે છે. આ ભરતીમાં તબીબી અધિકારી, વીમા તબીબી અધિકારી (એલોપેથીક), બાયોકેમેસ્ટ્રીના ટ્યૂટર, કોમ્યુનિટી મેડીસીનના ટ્યૂટર, ફોરેન્સિક મેડીસીનના ટ્યૂટર, માઈક્રોબાયોલોજીના ટ્યૂટર, પેથોલોજીના ટ્યૂટર, ફીજીયોલોજીના ટ્યૂટર, એનેટોમીના ટ્યૂટર, કાર્માકોલોજીના ટ્યૂટર, જનરલ સર્જન, ફિઝિશિયન, ગાયનેકોલોજીસ્ટ, ઓર્થોપેડિક સર્જન, ડર્મેટોલોજીસ્ટ, રેડિયોલોજીસ્ટ એનેસ્થેટીસ્ટ, કાર્ડિયોલોજી, મેડીકલ ગેસ્ટ્રોએન્ટ્રોલોજી. સી.ટી.સર્જરી, કાર્ડિયોલોજી, ન્યૂરોસર્જરી, સર્જીકલ ગેસ્ટ્રોએન્ટ્રોલોજી, ફિઝિશિયન, ગાયનેકોલોજીસ્ટ, ઓર્થોપેડિક સર્જન અને રેડિયોલોજીસ્ટની જગ્યાઓ ઉપર ભરતી કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, બે મહિના અગાઉ જ રાજ્ય સરકાર દ્વારા ૧૯૦૩ સ્ટાફ નર્સની ભરતી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ અગાઉ રાજ્યમાં ૧૦ વર્ષ પહેલાં સ્ટાફ નર્સ વર્ગ-૩ની કુલ ૭૭૮૫ જગ્યા મંજૂર કરાઈ હતી. એ મંજૂર જગ્યાઓમાં સમયાંતરે જરૂરિયાત પ્રમાણે વધારો કરવામાં આવ્યો હતો. રાજ્યનાં વિવિધ આરોગ્ય કેન્દ્ર અને હોસ્પિટલમાં કુલ ૧૨,૧૦૧ જગ્યા મંજૂર કરાઈ હતી. આ સમગ્ર ભરતી પ્રક્રિયા ૬થી ૮ મહિનામાં પૂર્ણ કરાશે. રાજ્યમાં છેલ્લાં ૧૦ વર્ષમાં કુલ ૭૭૩૨ સ્ટાફ નર્સ વર્ગ-૩ની જગ્યાઓ સીધી ભરતી દ્વારા ભરવામાં આવી હતી. સ્ટાફ નર્સની બઢતી/વયનિવૃત્ત સહિતના વિવિધ કારણે ખાલી પડતી જગ્યાઓ ભરવા દર બે વર્ષના અંતરે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.

# દિલ્હીમાં પ્રદૂષણ વધુ તીવ્ર બનતા ૫૦ ટકા સરકારી કર્મચારીઓને ઘરેથી કામ કરવા સરકારનો આદેશ

નવી દિલ્હી, તા.૨૩ વાયુ પ્રદૂષણનું પ્રમાણ અત્યંત જોખમી અને ખતરનાક સ્તરે પહોંચી ગયું હોવાથી દિલ્હી સરકારે તેના ૫૦ ટકા કર્મચારીઓને ઘરેથી કામ કરવાનો આદેશ આપ્યો છે. પર્યાવરણ મંત્રી ગોપાલ રાય જણાવે છે કે, પ્રદૂષણ ઘટાડવા માટે સરકારના ૫૦ ટકા કર્મચારીઓને ઘરેથી જ કામ કરવાની સૂચના અપાઈ છે આ માટે એક બેઠક યોજીને આયોજન કરવામાં આવ્યું છે. તેમણે ખાનગી કચેરીઓ અને ખાનગી દફતરોમાં પણ અડધા સ્ટાફથી કામ લેવા અનુરોધ કર્યો છે. કામકાજના સમયમાં વાહનની અવર-જવર ઘટાડવા ખાનગી ઓફિસનો સમય સવારે ૧૦થી ૧૧નો રાખવા તેમણે સૂચન કર્યું છે. દિલ્હીમાં જો કે, આરોગ્ય, સાફસફાઈ, પબ્લિક ટ્રાન્સપોર્ટ, ફાયરબ્રિગેડ, પાણી પુરવઠા જેવી આવક સેવાઓ પૂરા સમય સુધી ચાલુ રહેશે. તેમણે પ્રદૂષણ માટે ભાજપ શાસનવાળા યુપી, રાજસ્થાન, હરિયાણા અને મધ્યપ્રદેશને જવાબદાર ગણાવ્યા હતા. તેમણે કહ્યું કે, ભાજપ શાસિત રાજ્યોની નિષ્ક્રિયતાને કારણે દિલ્હીનો શ્વાસ રૂંધાઈ રહ્યો છે અને હવાનું પ્રદૂષણ ભયજનક સ્તર ઉપર પહોંચી ગયું છે.

# ક્રાઇમ બ્રાન્ચ અને સીઆઇડી નાણાંની રિકવરી અને મિલકતોના વિવાદમાં કેમ પડે છે ? હાઇકોર્ટનો સવાલ

**વેપારીઓની નાણાંની તકરારમાં રિકવરી માટે નોંધાતી ફરિયાદોમાં અમુક અધિકારીઓ ખાસ રસ લેતા હોય છે, પોલીસ ક્રાઈમ પ્રિવેન્શનમાં ધ્યાન આપતી નથી અને આવી કમાણી થાય તેવી મેટરોમાં રસ લેતી હોવાનું હાઈકોર્ટનું અવલોકન**




અમદાવાદ તા.૨૩ બે વેપારીઓની નાણાકીય લેવડ-દેવડ બાબતનો કેસ દિવાની અદાલતમાં ચાલતો હોવા છતાં અને કથિત વ્યવહારો પૂર્ણ થયાને આઠ વર્ષના સમયગાળા પછી રાજ્ય સીઆઈડી ક્રાઈમના સુરત ઝોન પોલીસ સ્ટેશન દ્વારા વેપારી અને તેના ભાઈના સમગ્ર પરિવાર સામે ફોજદારી ફરિયાદ દાખલ કરીને પૈસા પરત લાવવા દબાણ કરવાનો મામલો પ્રકાશમાં આવતા હાઈકોર્ટ લાલઘૂમ થઈ હતી. કોર્ટે કહ્યું હતું કે તેમની પાસે આવા અવાર-નવાર કેસ આવે છે કે જમાં પોલીસ કોમર્શીયલ ટ્રાન્ઝેકશન અને સ્થાવર મિલકતોના કેસમાં ખૂબ ઉંડો રસ બતાવે છે અને રિકવરીનું કામ કરે છે. ઈનફ ઈઝ ઈનફ (હવે હદ થઈ ગઈ છે.). કોર્ટે સવાલ ઉઠાવ્યો હતો કે સ્થાનિક પોલીસ સ્ટેશનના બદલે આવા કેસોની ફરિયાદ ક્રાઈમ બ્રાન્ચ કે સીઆઈડી દ્વારા જ કેમ દાખલ કરવામાં આવે છે ? દરેક શહેરમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ કે સ્પેશિયલ એજન્સી આવા કામમાં સામેલ હોય છે અને તેના માટે જાણે કે એકાદ બે પોલીસ કર્મચારીઓને કામગીરી સોંપવામાં આવી હોય તેવું લાગે છે. તાજેતરમાં જ અમદાવાદના બોપલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક પોલીસ કોન્સ્ટેબલ (કે જેણે ચપ્પુ મારીને વિદ્યાર્થીની હત્યા કરી હતી) નંબર પ્લેટ વગરની હેરિયર કાર સાથે પકડાયો હતો. તે પોશ વિસ્તારમાં ફ્લેટમાં રહે છે. કોન્સ્ટેબલનો પગાર કેટલો હોય છે? આ બાબતો ઘણું બધુ કહી જાય છે. નાણાકીય અને મિલકતના તકરારોમાં ફરિયાદીઓ દ્વારા સ્થાનિક પોલીસ મથકમાં ફરિયાદ કરવાના બદલે સીધા જ ક્રાઈમ બ્રાન્ચ કે બીજી કોઈ પોલીસ એજન્સીમાં સીધી ફરિયાદ કરવાના વલણ સંબંધે જસ્ટીસ સંદિપ ભટ્ટે પોતાનો આદેશ લખાવતી વખતે એવું અવલોકન કર્યું હતું કે, એવું લાગે છે કે, સ્થાનિક પોલીસ સક્ષમ નથી અથવા તો તેમની કામગીરી ઉપર શંકા છે એટલે આવા કેસોમાં સીધી જ પોલીસને સામેલ કરવામાં આવે છે. જો કે આદેશમાં આવું લખાવ્યું હોવાથી બુધવારે રિસેશ બાદના સેશનમાં પબ્લિક પ્રોસીક્યુટર હાર્દિક દવે કોર્ટમાં દોડી આવ્યા હતા. તેઓએ જસ્ટીસ ભટ્ટને વિનંતી કરી હતી કે, આદેશમાં આવો ભાગ કાઢી નાખવામાં આવે નહિ તો પોલીસ જવાનોનું મનોબળ મજબૂત થશે. જે સારા અધિકારીઓ સારી ફરજ બજાવે છે તેઓના મનોબળને અસર પહોંચશે. જો કે તે તબક્કે જસ્ટીસ ભટ્ટ દ્વારા ગંભીર મૌખિક અવલોકનો કરતા જણાવ્યું હતું કે આમ તો એવો સમય પાકી ગયો છે કે અમારે બીજુ ઘણું બધું અવલોકન કરવું પડે પરંતુ અમે તેમ નથી કરતા. તમે પોતે પણ જાણો છો દરેક જિલ્લા અને પોલીસે કમિશનર વિસ્તારમાં કેવું ચાલે છે. જાણે કે ત્યાં મિલકત અને નાણા રિકવરીના હેતુંમાટે જ એક બે જણા કામ કરે છે. અમે ઘણું બધું સાંભળ્યું છે પંરતુ બોલવા માંગતા નથી. હવે તો હદ થઈ ગઈ છે. એવું લાગે છે કે અધિકારીઓ પોતાની જાતને કાયદાથી ઉપર માને છે. પોતાને કમાણી થાય તે માટે નાણાંકીય અને મિલકતોના વિવાદ ઉપર ધ્યાન આપે છે. જ્યારે બીજા કામમાં ધ્યાન આપતા નથી. પોલીસ સામાન્ય નાગરીકોની સુરક્ષા અને ખુંખાર ગુનેગારોને કાબુમાં રાખવાના હોય છે. પોલીસ ગુનો બન્યા બાદ તેને ઉકેલવાના કામો કરે છે પરંતુ પ્રિવેન્શન ઉપર વધુ ધ્યાન આપવાની જરૂર છે. કોર્ટે જણાવ્યું હતું કે, સીઆઈડી ક્રાઈમ અને ક્રાઈમ બ્રાન્ચ સૌથી અઘરા કેસો ઉકેલવા માટે બનાવાયા છે પરંતુ તેમાં નાણાકીય રીકવરી અને મિલકતોના કેસો લેવામાં આવે છે તે ઘણુ બધુ કહી જાય છે. કોઈ નાણાનો વિવાદ હોય, પોલીસ ઓફિસર પાસે જાવ અને તેઓ તમામ વસ્તુ મેનેજ કરી લેશે તેવું ચાલી રહ્યું હોય તેમ લાગે છે. જ્યાં આવા કેસો હોય ત્યાં ખૂબ જ કાર્યક્ષમતા બતાવે છે જ્યારે બીજા કેસોમાં ડીટેન્શન અને પ્રિવેન્શનનું શું ? પ્રસ્તુત કેસમાં આઠ વર્ષ બાદ પણ ફરિયાદ લેવામાં આવી પરંતુ બાકી કેસમાં એક મહિના મોડું કોઈ આવ્યું હોય તો પણ તેના વિલંબ કેમ થયો તેમ પોલીસ પૂછે છે. કેટલાક અધિકારીઓ આવી બાબતોમાં ઊંડો રસ લે છે અને પોતે જાણે અદાલતની ભૂમિકા ભજવતા હોય છે. પાર્ટીઓને સમાધાન માટે બોલાવે, હેરાન કરે. અગાઉ આ બાબતે ઉચ્ચ અધિકારીઓની મિટીંગ મળી હતી પરંતુ હજુ સુધી બધું ઠેરનું ઠેર છે. સ્થિતિમાં સુધાની જરૂરિયાત છે. કેસની વિગત મુજબ સુરતમાં રહેતા હિતેશ બહીરવાનીના ભાઈ સાથે કરોડો રૂપિયાના નાણાનો વિવાદ ચાલતો હોવાથી ફરિયાદી સુદીપ બત્રા દ્વારા નાણાકીય વ્યવહારો ૨૦૧૧થી ૨૦૧૬માં બન્યા હતા તેમ છતાં આઠ વર્ષ બાદ સીઆઈડી ક્રાઈમે ફરિયાદ નોંધી હતી. પોતાના ભાઈ સાથેના વ્યવહારો હતા તેમ છતાં હિતેશ અને તેના પરિવારને આરોપી બનાવ્યા હતા જેમાં પત્ની અને પુત્રીનો સમાવેશ થાય છે. એટલું જ નહિ ઘરની એક મહિલા દુબઈથી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર આવી ત્યારે સુરતની લેડી કોન્સ્ટેબર પ્રાઈવેટ કારમાં તેણીને ડીટેઈન કરી હતી. પોતે ફરિયાદી સાથે કોઈ રીતે સંકળયેલા ના હોવા છતાં અને પોતાના ભાઈ દ્વારા જ બધા વ્યવહારો કરાયા હતા તેમ છતાં તેમને આરોપી બનાવીને પોલીસ સ્ટેશન બે કલાક બેસાડી રાખીને નાણા ચુકતે કરવા માટે દબાણ કરાયું હતું. આ બાબતે ભાઈ અને ફરિયાદી વચ્ચે દિવાની કેસ ચાલે છે તેમ છતાં પોલીસે દબાણ ઊભી કરવા માટે ફરિયાદ નોંધી હોવાનો પિટિશનમાં આક્ષેપ કરાયો હતો. આના કારણે ફરિયાદી અને તેનો પરિવાર હેરાન પરેશાન થયો હતો અને અંતે કોર્ટમાંથી આગોતરા જામીન મેળવવા પડ્યા હતા.

# રાજ્યની સ્કૂલોએ ૧૫ ડિસેમ્બર સુધી વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ભરવાનો રહેશે

## શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યની તમામ સ્કૂલોને ઓનલાઈન અહેવાલ ભરવા માટે આદેશ

અમદાવાદ, તા.૨૩ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષિણક વર્ષ ૨૦૨૪-૨૫ માટે ઓનલાઈન વાર્ષિક નિરીક્ષણ કામગીરીને લઈને સ્કૂલોને સૂચના આપી છે. જેમાં રાજ્યની તમામ સ્કૂલોએ ૧૫ ડિસેમ્બર સુધીમાં સ્કૂલોના વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ઓનલાઈન ભરવાના રહેશે. ઓનલાઈન અહેવાલને લઈને બોર્ડ દ્વારા સૂચનાઓ પણ જાહેર કરી છે. જેનો અભ્યાસ કર્યા બાદ સ્કૂલોએ અહેવાલ ભરવાનો રહેશે તેવી સૂચના અપાઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર શૈક્ષિણક વર્ષ ૨૦૨૪-૨૫ માટે રાજ્યની નોંધાયેલી તમામ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ૧૫ ડિસેમ્બર સુધીમાં ઓનલાઈન ભરાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે અન્વયે ઓનલાઈન વાર્ષિક નિરીક્ષણ કામગીરી કરવા માટેની એપ્લિકેશન અપડેટ કરી દેવામાં આવી છે. જથી સ્કૂલોએ નક્કી કરેલી સમયમર્યાદામાં વાર્ષિક નિરીક્ષણ અહેવાલની કામગીરી ઓનલાઈન કરવા માટે બોર્ડ દ્વારા તમામ સ્કૂલોને સુચના આપી છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ભરવા માટેની સુચનાઓ પણ જાહેર કરી છે. જેમાં શાળાઓએ પોતાની શાળા કક્ષાએથી જ વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ભરવાનો રહેશે. વાર્ષિક નિરીક્ષણ અહેવાલમાં વિગત અંગ્રેજી ભાષામાં ભરવાની રહેશે. શાળાનાં આચાર્યને તાકીદ કરવામાં આવી છે કે, વાર્ષિક નિરીક્ષણ અહેવાલ અંતર્ગત ભરવામાં આવેલી માહિતીની ખરાઈ શાળાનાં રજિસ્ટર, રેકોર્ડનાં આધારે કરી ત્યારબાદ જ ફાઈનલ સબમિટ આપવાનું રહેશે. વાર્ષિક નિરીક્ષણ અહેવાલની કોપી શાળા કક્ષાએ સાચવી રાખવાની રહેશે. વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ભરવાની કામગીરી શરૂ કરતાં પહેલા જરૂરી આધારો સ્કેન કરી પીડીએફ સ્વરૂપે તેમના ટૂંકા નામઝી સેવ કરી ફોલ્ડર તૈયાર રાખવાના રહેશે. શાળાએ પ્રાયોગિક કાર્ય માટે ધોરણવાર કરેલા આયોજન પત્રક, શાળામાં કલા શિક્ષક હોય તો તે અંગેના પુરાવા, શાળામાં હસ્તકલાને લગતા સાધન/ચાર્ટ/ચિત્ર બનાવ્યા હોય તો યાદી, ઉ.બુ.શાળા માટે શાળાએ ઉત્પાદનની ઉપજ સહિતની આવક અને ખર્ચનો અલગ હિસાબ રાખેલ હોય તો તેનો પુરાવો અપલોડ કરવાનો રહેશે.

# ટ્રમ્પની સામૂહિક દેશનિકાલ યોજના રાષ્ટ્રીય કટોકટી અને લશ્કરી જમાવટ

**બિનદસ્તાવેજીકૃત ઈમિગ્રન્ટ્સના સામૂહિક દેશનિકાલને જલ્દી લાગુ કરવા માટે, ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ''ઈતિહાસની સૌથી મોટા પાયે દેશનિકાલ''નું વચન આપતા રાષ્ટ્રીય કટોકટી જાહેર કરવાનો ઈરાદો જાહેર કર્યો, એલિયન એનિમીઝ એક્ટ, લશ્કરી દળોનો તેનો પ્રસ્તાવિત ઉપયોગ અને અભયારણ્ય શહેરો માટે ફેડરલ ધિરાણની ધમકીઓ આ તમામ કાનૂની પડકારો તરફ દોરી શકે છે**

(એજન્સી) તા.૨૩ ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાન્યુઆરીમાં સત્તા સંભાળ્યા પછી ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સના સામૂહિક દેશનિકાલની સુવિધા માટે ''રાષ્ટ્રીય કટોકટી'' જાહેર કરવાની યોજનાની જાહેરાત કરી હતી. તેમણે ટ્રુથ સોશિયલ ઉપર પોસ્ટ કરાયેલા સંદેશમાં સરહદ સુરક્ષા અને ઈમિગ્રેશન અમલીકરણને પ્રથમ અગ્રતા આપવાના તેમના અભિયાનના વચનને પુનરોચ્ચાર કર્યો.



**સત્ય સામાજિક જાહેરાત**

જ્યુડિશિયલ વોચના ટોમ ફિટનના નિવેદનના જવાબમાં ટ્રમ્પે લખ્યું, "TRUE!!!", જેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આગામી સરકાર લશ્કરી સંસાધનોનો ઉપયોગ કરીને મોટા પાયે દેશનિકાલ અભિયાન અમલમાં મૂકશે. ફિટને આ પ્રયાસને ''બિડેન આક્રમણ'' પૂર્વવત્ કરવાના પ્રયાસ તરીકે દર્શાવ્યો હતો. ૨૦ જાન્યુઆરીએ તેમના પદગ્રહણ સાથે, ટ્રમ્પે તરત જ ''ઈતિહાસની સૌથી મોટી દેશનિકાલ'' શરૂ કરવાનું વચન આપ્યું હતું.

**લશ્કરી સંડોવણી સામે કાનૂની પડકારો**

સ્થાનિક ઈમિગ્રેશન અમલીકરણ માટે લશ્કરી કર્મચારીઓનો ઉપયોગ કરવાની યોજનામાં મોટા કાયદાકીય અવરોધો હોઈ શકે છે. સ્થાનિક કાયદાના અમલીકરણ માટે સક્રિય-ફરજ ઉપરના લશ્કરી સૈનિકોનો ઉપયોગ ૧૮૭૮ના પોસે કોમિટેટસ એક્ટ હેઠળ મર્યાદિત છે. જો કે, જો મંજૂરી આપવામાં આવે, તો કાયદો નેશનલ ગાર્ડને આવી ભૂમિકાઓમાં જોડાવા માટે પરવાનગી આપે છે.

**એલિયન એનિમીઝ એક્ટની વિચારણા**

વધુમાં ટ્રમ્પે ૧૭૯૮ એલિયન એનિમીઝ એક્ટનો ઉપયોગ કરીને યુનાઈટેડ સ્ટેટ્સમાં કાર્યરત ગુનાહિત સંગઠનોને લક્ષ્ય બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. કોંગ્રેસ દ્વારા યુદ્ધની ઔપચારિક ઘોષણા જરૂરી હોવા છતાં કાયદો સુરક્ષા જોખમો ગણાતા વિદેશી લોકોની ધરપકડ અને દેશનિકાલની પરવાનગી આપે છે. આ કાર્યવાહીનો બચાવ કરવા માટે, ટ્રમ્પે કહ્યું નથી કે, શું તેઓ વેનેઝુએલા સહિત કોઈ ચોક્કસ દેશ સામે યુદ્ધની ઘોષણા કરવા માગે છે.

**બોર્ડર ઝાર એપોઇન્ટમેન્ટ**

ટ્રમ્પે તેમની સંક્રમણ યોજનાના ભાગ રૂપે અમલીકરણ ક્રિયાઓની દેખરેખ માટે ''સરહદ ઝાર''ની નિમણૂક કરી. ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE)ના પૂર્વ કાર્યકારી વડા, ટોમ હોમને આ પદ ઉપર નિયુક્ત કરવામાં આવ્યા હતા. ઉત્તરીય અને દક્ષિણ સરહદોની સુરક્ષા માટે, હોમ સંખ્યાબંધ સત્તાવાળાઓ સાથે મળીને કામ કરે તેવી અપેક્ષા છે. હોમને ભારપૂર્વક જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર સલામતી માટેના જોખમો પ્રથમ આવશે. તેણે કહ્યું, ''અમે સૌથી વધુ ખતરો ધરાવતા લોકો ઉપર ધ્યાન કેન્દ્રિત કરીશું.''

**અભયારણ્ય શહેરો ઉપર ક્રેકડાઉન**

હોમને અભયારણ્ય શહેરો પર લક્ષ્ય રાખવાની જાહેરાત કરી, ખાસ કરીને ડેમોક્રેટ્સ દ્વારા સંચાલિત અને અનધિકૃત ઈમિગ્રન્ટ્સને રક્ષણ પૂરૂં પાડતા શહેરો. તેમણે સંકેત આપ્યો કે જો સ્થાનિકો ઈમિગ્રેશન અમલીકરણમાં મદદ કરવાનો ઈનકાર કરે છે, તો ટ્રમ્પ તેમને સરકારી સહાય આપવાનું બંધ કરી શકે છે. હોમને મીડિયાને જણાવ્યું કે, ''જો તેઓ પાલન નહીં કરે તો અમે પગલાં લઈશું.'' તેમણે એમ પણ કહ્યું કે, અભયારણ્ય સમુદાયોને તેનું પાલન કરવા દબાણ કરવા માટે, કાયદાકીય વિકલ્પોની તપાસ કરવામાં આવશે.

**વ્યાપક અસરો**

સૂચિત પગલાંથી કાનૂની અને રાજકીય વિવાદો ઉદ્ભવશે તેવી અપેક્ષા છે, જે યુ.એસ.ની ઈમિગ્રેશન નીતિમાં નાટકીય ફેરફારનું પ્રતિનિધિત્વ કરે છે. સંભવિત બંધારણીય અને આંતરરાષ્ટ્રીય કાયદાના ઉલ્લંઘનોને વિવેચકો દ્વારા પહેલેથી જ પ્રકાશમાં લાવવામાં આવ્યા છે. બીજી બાજુ, ટ્રમ્પનું વહીવટીતંત્ર સરહદ નિયંત્રણ અને કડક ઈમિગ્રેશન અમલીકરણને તેની ટોચની પ્રાથમિકતાઓ બનાવીને તેનો કાર્યક્રમ હાથ ધરવા માટે કટિબદ્ધ જણાય છે. ટ્રમ્પના વહીવટીતંત્રની શરૂઆતમાં કેટલીક ઘટનાઓ કેન્દ્રિય ધ્યાન ખેંચશે એવી ધારણા છે, જે ગરમ ચર્ચાઓ અને કદાચ કાનૂની પડકારોને આમંત્રણ આપશે.

# બારડોલીમાં રસ્તા ઉપર રઝળતી હાલતમાં બ્લડ સેમ્પલનો જથ્થો મળતા ચકચાર

અમદાવાદ, તા.૨૩ સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં રઝળતી હાલતમાં બ્લડ સેમ્પલોની ટ્યુબો મળી આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. મોટી સંખ્યામાં બ્લડ લીધેલા સેમ્પલ અને સેમ્પલથી ભરેલા કોથળાઓ રસ્તાની બાજુમાં આવેલા ઝાડી ઝાંખરીમાંથી મળી આવ્યા હતા. બ્લડ સેમ્પલની અંદાજે ૫૦૦૦ ટ્યુબો મળી આવી છે જેની જાણ થતાં જ તંત્ર દોડતું થયું હતું. મામલતદાર સહિત આરોગ્ય વિભાગની ટીમે ઘટના સ્થળે પહોંચી અને તપાસ હાથ ધરી હતી. છેલ્લા કેટલાય સમયથી ખ્યાતિકાંડ બાદ આરોગ્ય તંત્ર ઉપર કેટલાય સવાલો ઊભા થઈ રહ્યા છે ત્યારે આ ઘટનાથી સમગ્ર પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. સુરતના બારડોલી તાલુકાના ભામૈયા ગામની સીમમાંથી રઝળતી હાલતમાં બ્લડ સેમ્પલોની ટ્યુબો મળી આવી હતી. જાહેર માર્ગ ઉપર બિનવારસી હાલતમાં અંદાજિત ૫૦૦૦ જેટલી બ્લડ સેમ્પલની ટ્યુબો મળી આવતાં તંત્ર દોડતું થયું હતું. આ બ્લડના સેમ્પલો ક્યાંથી આવ્યા, બ્લડ સેમ્પલો વાહનમાંથી પડી ગયા કે કોઈ ફેંકી ગયું તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે. હાલ રઝળતી હાલતમાં અધધ બ્લડ સેમ્પલોની ટ્યુબો રસ્તા ઉપરથી મળી આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. સમગ્ર બનાવને લઈ આરોગ્ય વિભાગે આ કૃત્ય કરનાર સામે પોલીસ ફરિયાદ નોંધાવવાની તજવીજ પણ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ચારથી પાંચ વર્ષ જૂના બ્લડ સેમ્પલ હોવાનું જાણવા મળી રહ્યું છે. બ્લડ સેમ્પલની ઉપર કોઈપણ હોસ્પિટલ કે લેબોરેટરીનું નામ લખ્યું નથી, ફક્ત દર્દીઓના નામ લખ્યા છે. હાલ આ અંગે આરોગ્ય વિભાગની તપાસ ચાલુ છે.

# ધો.૧૦ અને ધો.૧૨ની બોર્ડની પરીક્ષા માટે કેન્દ્રો નક્કી કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી

અમદાવાદ, તા.૨૩ શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવનારી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષામાં હવે જિલ્લાના કેન્દ્રોના બ્લોક બિલ્ડિંગ નક્કી કરવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. જેમાં જિલ્લાના તમામ સ્કૂલો કે જ્યાં બોર્ડની પરીક્ષા લેવામાં આવનાર છે તેની વિગતો મંગાવવામાં આવી છે. જેમાં બિલ્ડિંગમાં સીસીટીવીની સુવિધા સહિતની વિગતો માંગી છે. આ વિગતો મળ્યા બાદ બોર્ડ દ્વારા આગામી પરીક્ષા માટે કેન્દ્રો નક્કી કરશે તેમ સુત્રોએ જણાવ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ૨૭ ફેબ્રુઆરીથી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાઓ લેવામાં આવનાર છે. આ પરીક્ષાને લઈને હવે પરીક્ષા કેન્દ્રો નક્કી કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. જેમાં રાજ્યના તમામ જિલ્લાના કેન્દ્રોના બ્લોક બિલ્ડિંગની યાદી મોકલવા માટે સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. જિલ્લામાંથી બ્લોક બિલ્ડિંગનું સરનામું, બ્લોકની સંખ્યા, સીસીટીવી વગેરે બાબતોની ચકાસણી કરી રિપોર્ટ અને અન્ય વિગતો સાથે મોકલવા માટે આદેશ કરાયો છે. આ ઉપરાંત કેન્દ્રોના બેંક એકાઉન્ટ સહિતની વિગતો પણ માગવામાં આવી છે. આમ હવે આગામી દિવસોમાં તમામ જિલ્લાઓમાંથી પરીક્ષા કેન્દ્રોની વિગતો મળ્યા બાદ બોર્ડની પરીક્ષા સમિતિની બેઠકમાં પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું છે. નોંધનીય છે કે, હાલમાં બોર્ડની પરીક્ષાને આડે ૩ માસ જેટલો સમય બાકી છે, પરંતુ સમયસર તમામ કામગીરી પુર્ણ થાય તે માટે સૌપ્રથમ શાળાની નોંધણી અને શિક્ષકોની નોંધણીની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહી પુર્ણ થયા બાદ ધોરણ૧૦ અને ૧૨ની પરીક્ષા માટેના વિદ્યાર્થીઓના ઓનલાઈન રજિસ્ટ્રેશનની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આ ઉપરાંત સગા-સંબંધીઓ પરીક્ષા આપતા હોય તેવા કર્મચારીઓની વિગતો પણ મંગાવી લેવામાં આવ્યા બાદ હવે પરીક્ષા કેન્દ્રો નક્કી કરવા માટેની કાર્યવાહી શરૂ કરાઈ છે.

### ટોરેન્ટ ગ્રુપના યુ.એન.એફ. ફાઉન્ડેશન આયોજિત

# અભિવ્યક્તિની છઠ્ઠી આવૃત્તિના મંચ ઉપર ભારતની પરંપરાગત કલા, સંગીત અને નૃત્ય જીવંત બન્યા

## પરંપરાગત ગુજરાતી બેઠા ગરબા, ભારતીય શાસ્ત્રીય નૃત્ય અને રંગમંચના સંગમે શુક્રવારની સાંજને મુલાકાતીઓ માટે જુની યાદોને તાજી કરતી બનાવી







(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૨૩

ટોરેન્ટ ગ્રુપના મહેતા પરિવાર-પ્રેરિત યુ.એન.એમ. ફાઉન્ડેશનની પહેલ એવા અભિવ્યક્તિ- ધ સિટી આર્ટસ પ્રોજેક્ટની છઠ્ઠી આવૃત્તિ વિવિધ પ્રકારના પ્રદર્શનોને એક સાથે લઈને આવી છે, જેણે યુવાનોથી લઈને વૃદ્ધો સુધી તમામ વયના દર્શકોને મોહિત કર્યા છે.

શુક્રવારે યોજાયેલ માર્શલ-આર્ટ ઉપર આધારિત સમકાલીન નૃત્ય, ૧૭મી સદીના પરંપરાગત સંગીત, પ્રયોગાત્મક રંચમંચ અને ભારતનાટ્યમ, કથક, મોહિનીઅટ્ટમ સહિતના ભારતીય શાસ્ત્રીય નૃત્ય સ્વરૂપોની ગતિશીલતા અને કલાત્મકતાએ દર્શકોને મંત્રમુગ્ધ કર્યા.

ગોપાલ અગ્રવાલ અને આકાશ વણઝારાએ માર્શલ આર્ટ્સની થીમ પર આધારિત પારંપારીક નૃત્ય પ્રદર્શનલ "ટેરિટોરિયલ" રજુ કરીને સાંજની રોનક વધારી દીધી હતી. તેમણે પોતાના શાનદાર પ્રદર્શનમાં માનવ વિરૂદ્ધ જંગલી જીવની વાર્તા રજુ કરી હતી, જેમાં માનવ દ્વારા થતા અતિક્રમણ કેવી રીતે વન્યજીવનને જોખમમાં મુકી રહ્યું છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. એક ગ્રે કેરેક્ટરના માધ્યમથી તેમણે પ્રકૃત્તિના સંરક્ષણની ચિંતા કરનાર લોકોના અસ્તિત્વને સ્વિકારવાની સાથે મનુષ્યો દ્વારા કરવામાં આવી રહેલ વિનાશને પ્રકાશિત કર્યો હતો. આ પ્રદર્શન આપણને પૃથ્વી ઉપર વનસ્પતિ અને પ્રાણી સૃષ્ટિને સુરક્ષિત રાખવા જેવા મહત્વના વિષય ઉપર ચિંતન કરવા પ્રેરિત કરે છે, જેથી આપણે પ્રકૃત્તિ અને આપણા સહઅસ્તિત્વને સુનિશ્ચિત કરી શકીએ.

ત્યારબાદ ગાયક અનુપા પોટાના શરણમ વૃંદ દ્વારા પ્રસ્તૃત કરાયેલ પરંપરાગત બેઠા ગરબાની ભાવપૂર્ણ ધૂને દર્શકોના દિલને સ્પર્શવાની સાથે સાથે સાંસ્કૃતિક ગૌરવ અને જુની યાદોના ભાવને જાગૃત કર્યો હતો. ૧૭મી સદીથી ચાલ્યા આવતા બેઠા ગરબાનું સંગીતમય સ્વરૂપ નાગર સમુદાયની સાંસ્કૃતિક પરંપરા છે, જેઓ નવરાત્રિ દરમ્યાન પોતાની કુળદેવી - દેવીની પૂજા કરવા માટે સંગીતના આ સ્વર સ્વરૂપનો ઉપયોગ કરે છે. આ પ્રસ્તૃતિનો ઉદ્દેશ આ સદીઓ જૂની પરંપરાને જાળવી રાખીને દેવીમાંના ભાવપૂર્ણ આહ્‌વાન અને સ્થાપનને પ્રદર્શિત કરવાનો છે.

દેવાંશુ શાહ અને દેવાંગ નાયક દ્વારા પ્રસ્તૃત ડાર્ક હ્યુમર નાટક 'કમિંગ સૂન'ને દર્શકોએ તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધુ હતું. આ નાટકમાં વિકાસની અંધાધૂંધી, જમીન સંપાદન અને તેની સાથે જોડાયેલ લાગણીઓ પાછળ સામાન્ય માણસની પરિસ્થિતિગતની વાર્તા રજુ કરવામાં આવી છે, જે દર્શકોને સ્પર્શી ગઈ. આ નાટકની વાર્તા એક એવા યુવાન અંગે છે, જેને પોતાની બિમાર માતાની સારવાર માટે પૈસાની ખુબ જરૂર છે, ત્યારે તેને પોતાના વારસાગત જમીન અંગે જાણવા મળે છે. આ જમીનનો અત્યારે ઉપયોગ કબ્રસ્તાન તરીકે થઈ રહ્યો છે, પૈસા માટે પોતાની જમીન પરત મેળવવાના ઉપાયો શોધતા યુવાનની વાર્તાના માધ્યમથી નાટકમાં મૃતકોના સન્માન અને સંપત્તિના અધિકારના દાવા વચ્ચેના સંતુલનને શોધવાનો પ્રયત્ન કરે છે.

અભિવ્યક્તિના બીજા ઘર એવા અટીરા ખાતે ડો. ઐશ્વરિયા વોરિયરે પોતાનું ત્રિપુથુ નૃત્ય નાટિકા પ્રસ્તૃત કર્યુ. ડો. ઐશ્વરિયાએ મોહિનીયટ્ટમ નૃત્ય નાટિકા (નૃત્ય બેલે) ના માધ્યમથી દેવી પાર્વતિના માસિક ધર્મ આધારિત એક પવિત્ર અને દુર્લભ તહેવારને જીવંત કર્યો. આ અનોખી પ્રસ્તૃતિએ દિવ્ય સ્ત્રીત્વનું સન્માન કરવાની સાથે માસિક ધર્મ સાથે જોડાયેલ સામાજિક માન્યતાઓને પડકારી. નૃત્ય, સંગીત અને નાટિકાના સંયોજનના માધ્યમથી આ પ્રસ્તુતિએ મહિલા દર્શકો સહિત તમામને સશક્તિકરણનો અનુભવ કરાવ્યો. મંચ પ્રસ્તૃતિમાં નૃત્યકાર બેલડી તારિણી ત્રિપાઠી અને શાલ્મલી ઝંકરે "અલૌકિક"ની થીમ અંતર્ગત કથકની અદભૂત પ્રસ્તૃતિ કરી હતી.

ભારતીય શાસ્ત્રીય નૃત્યમાં આ બેલડીએ સાંખ્ય દર્શનના પ્રકૃતિ (ભૌતિક) અને પુરૂષ (ચેતના)ના બ્રહ્માંડીય મિલનને શોધવાનો પ્રયત્ન કરે છે. શિવ અને પાર્વતીના મિલન પર આધારિત આ પ્રસ્તૃતિ સર્જન, અસ્તિત્વ અને મુક્તિના દાર્શનિક સિદ્ધાંતોને સમજાવે છે, સાથે જ માનવ અનુભવમાં આ શક્તિઓની પરસ્પર ક્રિયાને ઉજાગર કરે છે. કથકના પરંપરાગત સ્વરૂપમાં તેમણે એવી કથાને ઉજાગર કરી છે, જે બ્રહ્માંડની સફરમાં જ પ્રાપ્ત થઈ શકે છે.

પ્રિયાંક ઉપાધ્યાયની નાટ્ય પ્રસ્તૃતિ "શૂન્યાવતાર" માં દર્શકોને અન્ય એક આધ્યાત્મિક અનુભવ પ્રાપ્ત થાય છે. આ પ્રસ્તૃતિમાં વ્યક્તિના અસ્તિત્વ પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે કે 'તમે કોણ છો?' અને શું તમે તમારા નામ, વ્યવસાય, સંસ્કૃતિ વગેરેનો ઉલ્લેખ કર્યા વગર તેનો જવાબ આપી શકો છો? આ એક વ્યક્તિની સફર છે, જે પોતાના અસ્તિત્વની ખોજ કરવા અને વ્યક્તિ હમેંશા જેને પસંદ કરે છે તેવી ચેતનાની નિંદ્રામાંથી જગાડવાનો પ્રયત્ન કરે છે. વ્યક્તિ હમેંશા પોતાની જાતને અસંખ્ય વસ્તુઓથી બહેલાવવાનો પ્રયત્ન કરે છે, જેથી કરીને તેને પોતાની ચેતનાની અંતિમ વાસ્તવિકતા કે તે વાસ્તવમાં કોણ છે? નો સામનો ન કરવો પડે.

પોતાની મનમોહક પ્રસ્તૃતિમાં હિરલ બલસારાએ ભારતનાટ્યમના ભારતીય શાસ્ત્રીય નૃત્યને આધુનિક એરિયલ ડાન્સ સાથે સાંકળીને 'ધ અનટોલ્ડ' શીર્ષકના ખ્યાલને વર્ણવવા પ્રયત્ન કર્યો છે. આ પ્રસ્તૃતિ વેશ્યાવૃત્તિની આસપાસ ફરે છે અને એક વેશ્યાની માતા બનવાની વાર્તા રજુ કરે છે. એક વેશ્યા કેવી રીતે માતા બને છે તે સમાજનો સામનો કઈ રીતે કરે છે, તે અંગે વાત કરવામાં આવી છે. સાથે જ તેના બાળકની યાત્રા અને તે મોટો થઈને સમાજનો સામનો કઈ રીતે કરે છે તેની વાત રજુ કરવામાં આવી છે.

જોડિયા બહેનો મૌસમ અને મલકા મહેતાએ વૃંદાવનની લોક પરંપરા 'હોરી કે રસિયા' રજૂ કરી દર્શકોને પોતાના અભિનયથી મંત્રમુગ્ધ કરી દીધા હતા. બંને બહેનોએ સુંદર રીતે શ્રી કૃષ્ણની અલગ-અલગ લીલાઓ ફાગ, બસંત, નાગદમણ, હિંડોળા, બાળ લીલાનું વર્ણન કરવાની સાથે દરેક લીલામાં રહેલ પ્રેમના અલગ અલગ તત્વની રજુઆત કરી. વૃંદાવનમાં શ્રી કૃષ્ણ લીલાઓ હોળી પહેલા શરૂ થાય છે અને ૪૦ દિવસ સુધી ચાલે છે. આ લોકગીતો બ્રજની ભાષામાં ગવાય છે અને પીલુ, નૂર, સારંગ, કાફી વગેરે જેવા વિવિધ રાગો પર આધારિત હોય છે. શ્રી કૃષ્ણની દિવ્ય લીલાઓમાં ખોવાયેલ દર્શકોને રાધા, ગોપીઓના સ્વરૂરૂપમાં પોતે શ્રી કૃષ્ણ સાથે રસિયાનો આનંદ માણતા હોય તેવો અનુભવ કર્યો.

જાણીતા લેખક, દિગ્દર્શક ચેતન દૈયાની હાસ્ય નાટ્ય પ્રસ્તૃતિ સાથે શુક્રવારની રાત્રીનું સમાપન એકદમ હળવા અંદાજમાં થયું. આ નાટ્ય પ્રસ્તૃતિએ દર્શકોને પેટ પકડીને હસાવવાની સાથે સામાજિક મુદ્દાઓ ઉપર ચિંતન કરવા પ્રેરિત કર્યા. ચેતન દૈયાનું નાટક "વેલકમ ભુરાભાઈ" એક બગડી રહેલ હાઉસિંગ સોસાયટીના એક એવા ભ્રષ્ટ ચેરમેનની વાર્તા રજુ કરે છે, જે વ્યક્તિગત લાભ મેળવવા માટે એક વિદેશી મિત્રને આમંત્રિત કરે છે. તેના મહેમાનોને પ્રભાવિત કરવા માટે તે ગરીબી અને ઉપેક્ષા છુપાવે છે, સાથે જ રીનોવેશન માટેના ભંડોળની ઉચાપત કરે છે.

બંને સ્થળો પર પ્રદર્શનની વૈવિધ્યસભર શ્રેણીમાં દરેક માટે કંઈને કંઈ નવું જાણવા જોવા મળી રહે છે, જે તેને ખરેખર સર્વસમાવેશક અનુભવ બનાવે છે. વિઝ્યુઅલ આર્ટ ઈન્સ્ટોલેશનના પ્રદર્શનમાં સાક્ષી બી. શાહ અને ચૈતન્ય ટાંકે સ્વાશ્રય પ્રદર્શિત કર્યો, જે વિચારોના કેનવાસની સાથે વિચાર-પ્રેરક પ્રતિબિંબોનો સંગ્રહ રજૂ કરે છે. પ્રદર્શનનો પ્રત્યેક ભાગ અન્વેષણ કરવા, તમારી ઓળખને આકાર આપવા અને તમને અલગ કરવા માટે અનન્ય લેન્સ પ્રદાન કરે છે. સાક્ષીનું માનવું છે કે આ પ્રતિબિંબ વ્યક્તિના અનુભવો સાથે તાદાત્મ્ય સાધી શકે છે અને વ્યક્તિ વિશે કંઈક પ્રગટ કરી શકે છે. તેમણે દર્શકોને તેની કલા સાથે જોડાવવા અને વિવિધ પરિપ્રેક્ષ્યને માણવા માટે પ્રોત્સાહિત કર્યા છે.

અન્ય એક ઈન્સ્ટોલેશન 'મેટામોર્ફોસિસ - ધ વિઝ્યુલ એક્સપ્લેસન ઓફ અર્બન સ્લમ ચેલેન્જ' એ મુલાકાતીઓનું ધ્યાન આકર્ષિત કર્યુ હતુ. આસામના ડિબ્રુગઢના વિઝ્યુઅલ કલાકાર હિમાલય બોરુઆહએ પોતાના આ ઈન્સ્ટોલેશનમાં શહેરી ઝુંપડપટ્ટી વિસ્તારના પડકારોનું વિઝ્યુઅલ અન્વેષણ કર્યુ છે. પોતાના લીલાછમ વતનથી પ્રેરિત થઈને તેઓ પ્રકૃતિના સારને આલેખતી કલાકૃતિઓ બનાવે છે. આ રચનાત્મક ઈન્સ્ટોલેશનના માધ્યમથી તમણે નજરઅંદાજ કરવામાં આવતી શહેરી ઝુંપડપટ્ટી વાસીઓના પડકારો ઉપર પ્રકાશ પાડ્યો છે. ઈન્સ્ટોલેશનમાં રહેલ બિલ્ડીંગ આ પડકારો માટેનું રૂપક અને એક ગરીબ સમુદાયના જીવનની કઠોર વાસ્તવિકતાઓને દર્શાવતો કેનવાસ બની જાય છે. તુટેલી દિવાલો, ઉખડી ગયેલ કલર અને તુટેલ બારીઓ સાથે ખરાબ થઈ રહેલ મુખોટો આ સમુદાયની સ્થિતિસ્થાપકતા અને શક્તિને પ્રતિબિંબિત કરે છે. કલાકૃતિ સાથે જોડાઈને કલાકાર તમને હાંસિયામાં ધકેલાયેલ આ સમુદાયની સ્થિતિસ્થાપકતા, સામાજિક અને પર્યાવરણીય ન્યાયની તાત્કાલિક જરૂરિયાત અને પ્રતિકુળ પરિસ્થિતીઓનો સામનો કરવા માટે સકારાત્મક પરિવર્તનની ક્ષમતા અંગે વિચાર કરવા પ્રેરીત કરે છે.

ઈમ્ફાલ, મણિપુરથી આવતા પૂર્વોત્તરના અન્ય એક કલાકાર ક્ષેત્રિમયમ ગોપીનાથ સિંહે પોતાનું ઈન્સ્ટોલેશન 'લોકતકના પડઘા' રજુ કર્યુ છે. જેમાં લોકતક સરોવર અને લુપ્તપ્રાય સંગાઈ હરણની શાંત સુંદરતાને કેપ્ચર કરવામાં આવી છે. સરોવર આજીવિકા ટકાવી રાખે છે છતાં પર્યાવરણીય પડકારોનો સામનો કરી રહ્યું છે અને માત્ર લોકતક સરોવરમાં જ જોવા મળતુ સંગાઈ હરણ મણિપુરના ગૌરવ અને સંઘર્ષ બન્નેનું પ્રતિક છે. સામાન્ય રીતે જોવા મળે છે કે અત્યાધિક સુંદર સ્થળોએ મોટાભાગે સંઘર્ષ થાય છે, તે અહીં પણ જોવા મળે છે. સિંહ આ ઈન્સ્ટોલેશનના માધ્યમથી આ વિરોધાભાસને શોધવા પ્રયત્ન કરે છે, જેમાં દર્શાવવામાં આવ્યુ છે કે કઈ રીતે મણિપુરનું પરિદ્રશ્ય પ્રાકૃતિક સુંદરતા અને માનવ સંઘર્ષ બન્નો નો ભાર ઉઠાવી રહ્યું છે.

# સોમનાથની ભૂમિમાં કાળ ભૈરવના આવેલા છે પાવનકારી સ્થાનકો

## ઉપાસકો હોમ-હવન, દર્શન- પૂજન, ઉપાસના કરી કાળ ભૈરવના આશીર્વાદ મેળવે છે



નજીક અંદાજે ૧૦૦ વર્ષ ઉપરાંત જુનું કાળભૈરવ મંદિર આવેલું છે.

પાલીતાણામાં ભૈરવનાથ ચોકમાં કાળભૈરવનાથજી મંદિર આવેલ

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨૩

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવની પાવનકારી ભૂમિમાં ભગવાન શંકરનો અવતાર એવા કાળ ભૈરવના સ્થાનકો આવેલા છે. ગઈકાલે કારતક વદ આઠમના દિવસે કાળ ભૈરવ જયંતિ મનાવવામાં આવે છે. સોમનાથના કિલ્લાવાળા હનુમાનજી મંદિરમાં કાળભૈરવનું સ્થાન આવેલ છે.

સુર્યકુંડ પાછળ હનુમાન મંદિરમાં તેમજ ગુડલક સર્કલ પાસેના શનિ મંદિરમાં તથા પ્રભાસ પાટણના પાટય કલામાં કાળભૈરવ સ્થાનક આવેલા છે. આ ઉપરાંત વેરાવળ-પાટણમાં હોળીના તહેવારોમાં કાળભૈરવની પ્રતિમા બનાવવામાં આવે છે.

સૌરાષ્ટ્રના અન્ય શહેરોમાં પણ કાળ ભૈરવના મંદિરો આવેલા છે જેમાં જૂનાગઢમાં બહાઉદીન કોલેજ પાસેના ફાટક નજીક અંદાજે ૧૦૦ વર્ષ ઉપરાંત જુનું કાળભૈરવ મંદિર આવેલું છે. પાલીતાણામાં ભૈરવનાથ ચોકમાં કાળભૈરવનાથજી મંદિર આવેલ છે. જેની પ્રતિષ્ઠા ઈ.સ.૧૮૯૦માં શ્રાવણ વદ આઠમના થયેલ છે. આ મંદિરનો વિશાળ ભકતગણ છે. જસદણમાં ધોળેશ્વર મંદિરના પટાંગણમાં ભગવાન કાળભૈરવની પ્રતિમા આવેલી છે. ગીર સોમનાથના દેલવાડા ગામે પણ કાળભૈરવનું મંદિર આવેલું છે તેમ દીવના ઈતિહાસ લેખક રમેશ રાવલ જણાવે છે. અને આ મંદિરે કાળભૈરવ જયંતિએ હવન-હોમ, પૂજા-અર્ચના કરવામાં આવે છે. કાળભૈરવનો ભાવિકોના મતે શિવપુરાણમાં પણ ઉલ્લેખ છે અને આસ્થા ધરાવતા લોકો માટે આ પર્વનો અનેરો મહિમા છે.

# લોઢવા ગામે ભારતીય જનતા પાર્ટી સંગઠન પર્વ ૨૦૨૪ અંતર્ગત બુથ સમિતિ સહ રચના કરાઈ



(જાદવ ભોળા દ્વારા)

લોઢવા, તા. ૨૩

ગીર સોમનાથ જિલ્લાની ૯૧ તાલાળા વિધાનસભાના સુત્રાપાડા તાલુકાના લોઢવા ગામે શક્તિ કેન્દ્ર લોઢવા તેમજ ભૂતેશ્વર શક્તિ કેન્દ્રમાં બૂથ નંબર ૨૧૭, ૨૧૮, ૨૧૯, ૨૨૦, ૨૨૧, ૨૨૨, ૨૨૩ માં જિલ્લા ચૂટણી અધિકારી સુરેશભાઈ ગોધાણીના અધ્યક્ષસ્થાને બૂથ પ્રમુખની વરણી કરવામાં આવી હતી. જેમાં ગીર સોમનાથ જિલ્લા ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પીઠિયા, સહ ચૂટણી અધિકારી વજુભાઈ વાઝા, ગીર સોમનાથ જિલ્લા ભાજપ મહામંત્રી દિલીપભાઈ બારડ, ગીર સોમનાથ જિલ્લા મંત્રી રામભાઈ વાઢેર, સૂત્રાપાડા તાલુકા ભાજપ મહામંત્રી હીરાભાઈ વાઢેર, સુત્રાપાડા તાલુકા ભાજપ પ્રમુખ પ્રતાપભાઈ બારડ, સુત્રાપાડા તાલુકા ભાજપ મહામંત્રી ટૂપુભાઈ વાઝા, તાલુકા પંચાયતના સદસ્ય રામભાઈ વાઢેર, જિલ્લા પંચાયત સદસ્ય જાદવભાઈ ભોળા તેમજ બૂથ પ્રમુખો, સંયોજકોની હાજરીમા બૂથ પ્રમુખોનીની વરણી કરવામાં આવી હતી.

### ૨૩ કરોડનો અનમોલ પાડો

# આ અનમોલ પાડો દરરોજ ખાય છે ૨૦ ઈંડા, ડ્રાયફ્રૂટ

## અનમોલ એનાં કદ, વંશ અને પ્રજનન માટે જાણીતો છે, એ સોશ્યલ મીડિયા ઉપર પણ ટોકિંગ પોઈન્ટ બન્યો છે

ચંદીગઢ, તા. ૨૩

અત્યાર સુધી તમે શોરૂમમાં મોંઘીદાટ કાર જોઈ હશે. આવી કાર ખરીદવાનો લોકોમાં ઘણો ક્રેઝ હોય છે, પરંતુ શું તમે જાણો છો કે, હરિયાણાના સિરસાના રહેવાસી પલવિંદર સિંહ અને તેનો પાડોને ખરીદવ માટે પણ લોકોની લાઈનો લાગી છે. આ અનમોલ પાડો દરેક જગ્યાએ ચર્ચાનો વિષય બન્યો છે. વાસ્તવમાં, આ દિવસોમાં રાજસ્થાનના પુષ્કર પશુ મેળામાં ભેંસોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સિરસાની આ 'કિંમતી' ભેંસોએ પણ મુખ્યત્વે ભાગ લીધો હતો. આ ભેંસ અન્ય ભેંસ કરતા સાવ અલગ છે. તમને જાણીને નવાઈ લાગશે કે અનમોલ દરરોજ બે હજાર કિંમતના ડ્રાયફ્રુટ્સ ખાય છે અને તે પછી તેની એનર્જી પણ બમણી થઈ જાય છે. અનમોલ એનાં કદ, વંશ અને પ્રજનન માટે જાણીતો છે, એ સોશિયલ મીડિયા પર પણ ટૉકિંગ પોઈન્ટ બન્યો છે.

૧૫૦૦ કિલો વજનના અનમોલની ભવ્યતા અને વિશેષ આહારે પ્રવાસીઓના દિલ જીતી લીધા છે. અનમોલના માલિકનું કહેવું છે કે તે તેને વેચવા માંગતો નથી કારણ કે તે તેના વીર્યમાંથી પૈસા કમાય છે.

આ પાડો અન્ય પાડા કરતા સાવ અલગ છે. જાણીને નવાઈ લાગશે કે, અનમોલ દરરોજ બે હજાર કિંમતના ડ્રાયફ્રુટ્સ ખાય છે અને તે પછી તેની એનર્જી પણ બમણી થઈ જાય છે. ૨૩ કરોડની કિંમતનો આ પાડો તેના ૧૫૦૦ કિલો વજનના કારણે બાળકો, વૃદ્ધો અને વિદેશી પ્રવાસીઓમાં ચર્ચાનો વિષય છે. લોકો તેની સાથે તસવીરો અને સેલ્ફી લેતા જોવા મળ્યા હતા.અનમોલને દિવસમાં બેવાર નવડાવવામાં આવે છે. બદામ અને સરસવના તેલનું ખાસ મિશ્રણ એના કોટને ચમકદાર અને સ્વસ્થ રાખે છે.

અનમોલના માલિક પરમિંદરે કહ્યું કે તેની કિંમત ૨૩ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. તેણે દાવો કર્યો હતો કે ઓસ્ટ્રેલિયાના ખરીદદારોએ તેને ખરીદવાની ઓફર કરી હતી, પરંતુ તેણે તેને વેચવાનો ઈનકાર કર્યો હતો. પરમિન્દરે કહ્યું કે અનમોલ તેના પરિવારનો એક ભાગ છે અને અમે તેના વીર્યમાંથી પૈસા કમાઈએ છીએ. આ પાડો મેળામાં પહોંચેલ ૧૫ ભેંસોને હરાવીને આંતરરાષ્ટ્રીય ચેમ્પિયન બન્યો હતો.

રાજસ્થાન સરકારના મંત્રીઓ સન્માન કરશે. આ પહેલા પણ અનમોલે ઘણા રાજ્યોમાં આયોજિત મેળામાં ઘણા એવોર્ડ જીત્યા છે.

અનમોલની વૈભવી લાઈફસ્ટાઈલની કિંમત ઘણી વધારે છે. અનમોલનાં સ્વાસ્થ્ય અને શક્તિને જાળવવા માટે તેના માલિક ગિલ એના આહાર પર દરરોજ આશરે ૧,૫૦૦ રૂપિયા ખર્ચે છે, જેમાં સૂકાં ફળો અને ઉચ્ચ કેલરીવાળા ખોરાકનો સમાવેશ થાય છે. મેનુમાં ૨૫૦ ગ્રામ બદામ, ૩૦ કેળાં, ૪ કિલો દાડમ, ૫ લિટર દૂધ અને ૨૦ ઈંડાંનો સમાવેશ થાય છે. આ સિવાય એ ઓઈલ કેક, લીલો ચારો, ઘી, સોયાબીન અને મકાઈ પણ ખાય છે. આ વિશેષ આહાર ખાતરી કરે છે કે અનમોલ હંમેશાં પ્રદર્શનો અને પ્રજનન માટે તૈયાર રહે છે. અનમોલના વીર્ય, અઠવાડિયામાં બેવાર એકત્ર કરવામાં આવે છે, સંવર્ધકોમાં એની ખૂબ માગ છે. દરેક નિષ્કર્ષણની કિંમત ૨૫૦ રૂપિયા છે અને એનો ઉપયોગ સેંકડો પશુઓના સંવર્ધન માટે થઈ શકે છે. વીર્યના વેચાણથી થતી સ્થિર આવક ગિલને દર મહિને ૪-૫ લાખ રૂપિયાની કમાણી કરવામાં મદદ કરે છે, જે તેમને પાડાના જાળવણીના ખર્ચનું સંચાલન કરવામાં મદદ કરે છે. આ પાડો સોશિયલ મીડિયા પર પણ ટૉકિંગ પોઈન્ટ બન્યો છે.

# ભાટિયા ખાતે યોગ અને ગર્ભ સંસ્કાર કેમ્પ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)


જામ ખંભાળિયા, તા. ૨૩

કલ્યાણપુર તાલુકાના ભાટિયા ગામે શુક્રવારે આયુષ વિભાગ અને તુષ્ટિ પ્રોજેક્ટના સહયોગથી ખાતે યોગ અને ગર્ભસંસ્કાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આયુષ વિભાગના મેડિકલ ઓફિસર ડો. પરેશ જેઠવા દ્વારા ગર્ભ સંસ્કાર સાથે તે દરમ્યાન આહાર વિહાર અને યોગ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. યોગ પ્રશિક્ષક દ્વારા આંગણવાડી વર્કર અને સગર્ભા બહેનોને યોગ કરાવવામાં આવ્યા હતા. આરોગ્ય અને આઈ.સી.ડી.એસ. વિભાગ અને નયારા એનર્જી સંચાલિત પ્રોજેક્ટ તુષ્ટિના સ્ટાફ મારફતે વિવિધ યોજના અને સેવાઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ૪૨ સગર્ભા અને આંગણવાડી વર્કર બહેનો હાજર રહ્યા હતા.

# શું નેતુન્યાહ સામેનું આઈ.સી.સી.નું એરેસ્ટ વોરન્ટ ફારસરૂપ છે !?







## વિશ્વ ફોરમના દરેક પ્લેટફોર્મ ફક્ત અને ફક્ત વિશ્વ મહાસતાઓના નિયંત્રણ હેઠળ છે?

(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)

ઓખા પોર્ટ તા.૨૩

ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (આઈ.સી.સી.) ના કુલ મેમ્બર્સ દેશો ૧૨૪ છે. જેના દ્વારા ઈઝરાયલ ના રાષ્ટ્રપતિ, તેના પૂર્વ રક્ષાં મંત્રી અને હમાસ ના વડા પર ગઈકાલે એરેસ્ટ વોરન્ટ ઈસ્યુ કરવામા આવ્યા નું જાહેર થતા વિશ્વ જન માનસ માં સન્નાટો વ્યાપવાં સાથે અમેરિકા માં સતા પરિવર્તન ના પરિણામ સ્વરૂપે આ થયાં નું માનવામાં આવી રહ્યું છે.

પણ તે ફક્ત મૃગજળ નાં પાણી જેવું હોવાનું જીઓ પોલિટિક્સ ના જાણકારો જણાવી રહ્યા છે કારણ કે આઈ.સી.સી.ના કુલ્લ ૧૨૪ સભ્ય દેશોમાં અમેરિકા કે ઈઝરાયલ નો સમાવેશ તેમાં નથી અને તે આ એરેસ્ટ વોરન્ટ નો વિરોધ કરી રહેલા છે જ્યારે જે દેશ પેલેસ્ટાઈન સભ્ય દેશ છે તેના વડા સામે પણ એરેસ્ટ વોરન્ટ ઈસ્યુ થયેલ છે. તે તેનો સ્વીકાર કરી રહેલ છે.જે ચોંકવાનારી પણ સત્ય હકીકત છે.

અહીં જે નેતુન્યાહ અને તેમના પૂર્વ રક્ષાં મંત્રી જોઆ ગલાન્ટ પર પેલેસ્ટાઈન માં ઓક્યુપાઈડ વેસ્ટ બેન્ક માં ગત તારીખ ૨૯.૧૧.૨૦૨૩ ના ઈઝરાયલ સેના મિલ્ટરી ઓપરેશન કરી પરત ફરી રહેલ ત્યારે છ વાહન સવાર મા જઈ રહેલ વાહનો એક ગલી માં રમતા બાળકો પર એક વાહન માંથી ઉતરી આવેલ એક સૈનિક દ્વારા બાળકો પર કુલ્લ ૧૧ ગોળીઓ છોડેલ જેમાં આદમ નામના એક બાળક ને માથાં મા અને બીજા બેતે બાળક ના હાર્ટ પર બે ગોળી લાગતાં બન્ને બાળકો ના સ્થળ પર મોત થયેલ... આ ઘટના ને એક બાળક વીડિયો માં કેદ કરી વાયરલ કરતા આ હકીકત બહાર આવેલ..જ્યારે બીજી ઘાટના ૨૯.૦૧.૨૪ ના રોજ ગાઝા માંથી ત્યાં ના રહીશો ને સુરક્ષાં અર્થે સલામત સ્થળે ખસેડવા ની કામગીરી કરતા ઈઝરાયલ ના જ સૈનિકો દ્વારા ગાઝા ની પ્રજા ને તેમના દ્વારા દર્શાવાયેલ રસ્તે જતા એક કુટુંબ ની એક નાની બાળા રઝમ ને છોડી અન્ય છ વ્યક્તિ ને ઈઝરાયલ ના સૈનિકો દ્વારા ગોળી મારી તેમની હત્યા કરવામાં આવતા આ બચી ગયેલ બાળકી રઝમ દ્વારા પી.આર.સી.એસ કે જે યુદ્ધ ના સમયે પેલેસ્ટાઈન ના લોકો ને રેસક્યું કરવાની તાલીમ અને મદદ કરે છે ટીમ નો સંપર્કે કરતાં અને તેને બચાવવા આવતા આ સંસ્થા ના સ્વયંસેવકો પહોંચે તે પહેલા તેને પણ ગોલી મારી તેની હત્યા કરી ઈઝરાયલ ના સૈનિકો ચાલ્યા ગયેલ.

જે અંગે પી.આર.સી.એસ ની આઈ.સી.સી.માં ફરીયાદ બાદ આ ઘટના અંગે ની સેટલાઈ તસ્વીરો અને લશ્કરી વાહનો ના લોકેશન ના આધારે આ ઘટના માં ઈઝરાયલ ના સૈનિકો સામેલ હોવાનું બહાર આવતા યુનાઈટેડ નેશન અને ઘણાં બધા દેશો ના માનવ અધિકાર પંચ દ્વારા આ બન્ને ઘટના ને વોર ક્રાઈમ માં ગણી તેના પર કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવતા આઈ.સી.સી.દ્વારા દશ વર્ષ આગાઉં આજ પ્રકાર ની ઘટના અને અન્ય ફરિયાદો અંગે ગત તારીખ ૨૪.૦૩.૨૧ તપાસ હાથ ધરેલ અને તેમાં અમેરીકા ની દાખલગિરિ ના કારણે તે ચાલુ બંધ થતા થતા ગત તારિખ ૦૪.૧૧.૨૪ ના આઈ.સી.સી.દ્વારા આ અંગે નો નિર્ણય લેવામાં આવેલ અને કુલ્લ ત્રણ વ્યકિત વિરુદ્ધ એરેસ્ટ વોરન્ટ ઈસ્યુ કરવાનો નિર્ણય લેવામા આવેલ જેને વિશ્વ ની જનતા અમેરીકા ના નવા રાષ્ટ્રપતિ ની ચુંટણી થતા અને તેમાં રિપબ્લિકન પાર્ટી ના ડોનાલ્ડ ટ્રમ્પ વિજેતા થતાં હવે આઈ સી સી દ્વારા ઈઝરાયલ ના રાષ્ટ્રપતિ નેતુન્યાહ, પુર્વ રક્ષમંત્રી જોઆ ગલાન્ટ અને હમાઝ ના વડા મોહમ્મદ ડાયર વિરુદ્ધ એરેસ્ટ વોરન્ટ જાહેર કર્યા છે. પરંતુ આ ઘટના અને અમેરીકા ને કોઈ સબંધ જ નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે આઈ.સી.સી. માં અમેરિકા કે ઈઝરાયલ મેમ્બર્સ છે જ નહીં.પરંતું આઈ.સી.સી.ના નિયમ મુજબ તેમના સભ્ય દેશ દ્વારા કોઈ ફરીયાદ કરવામાં આવે તો તે કાર્યવાહી કરે છે.જે મુજબ વર્ષ ૨૦૧૫ માં પેલેસ્ટાઈન આઈ.સી.સી.નું સભ્ય બની તેના નિયમો નો અમલ કરવાનું ચાલુ કરતા તેમના દ્વારા છેલ્લા દશ બાર વર્ષ થી ઈઝરાયલ વિરૂધ્ધ ફરિયાદો ઉઠાવવામાં આવેલ. જેમાં તેમના સમર્થન મા પેલેસ્ટાઈન ની સાથે સાથે સાઉથ આફ્રિકા કંબોડિયા બાંગ્લાદેશ દ્વારા પણ જે તે સમયે આ અનવ્યે ની ઘણી વખત ફરિયાદો કરવામાં આવેલ જ છે. જેના પરિણામ સ્વરૂપે આ કાર્યવાહી થયેલ છે છતાં પણ અહીં આશ્ચર્ય જનક હકીકત તે બનેલ છે કે ઈઝરાયલ દ્વારા આ એરેસ્ટ વોરન્ટ નો વિરોધ કરવા માં આવ્યો છે.પણ હમાસ સાથે તુર્કી.ઈરાન દ્વારા પણ આ નિર્ણય ને આવકારી સમર્થન આપવામાં આવેલ છે.

સૌ પ્રથમ વખત આઈ.સી.સી.દ્વારા સુદાન ના ઉમર અલ બસી સામે એરેસ્ટ વોરન્ટ કાઢવા માં આવેલ. જેને દુનિયા ના કોઈ દેશો નો બહુ મોટો સ્પોર્ટ ના હતો છતાં તેને પકડવામાં આવેલ નથી. ત્યારે નેતુન્યાહ ને પશ્ચિમ ના દેશો નું સંપુર્ણ સમર્થન હોય.તેને કાંઈ થશે નહીં અને આ એરેસ્ટ વોરન્ટ ફારસ રૂપ સાબિત થશે તેવું જીઓ પોલિટિક્સ ના જાણકારો નું માનવું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ આઈ.સી.સી. ના ૧૨૪ સભ્ય દેશો પૈકી ના મોટા ભાગના દેશો પશ્ચિમ ના અને હાલ ચાલતા મીડલ ઈસ્ટ ના યુદ્ધ માં ખુલ્લા માં ઈઝરાયલ ની બાજુમાં ઉભેલા દેશો છે અને હવે આ દેશો દ્વારા આ એરેસ્ટ વોરન્ટ નો અમલ તેમની સામે કરવામાં આવે તે શક્ય જ નથી અને આઈ.સી.સી.ના નિયમો મુજબ તેમના સભ્ય દેશો દ્વારા તેમના દેશ માં તેમની પ્રવેશંબંધી કરવી કે વ્યાપારી સબંધો બંધ કરવા તેનો અનુભવ હાલ રશિયા ના રાષ્ટ્રપતિ શ્રી પુતીન અનુભવિ રહ્યા છે. પણ તેમના સ્પોર્ટ માં કોઈ બહુ સંખ્યા ના દેશો તેમની સામ્યવાદી વિચારધારા ના કારણે ના હોવા છતા તેમના પર ઈસ્યુ કારાયેલ વોરન્ટ ની બજાવણી થતી નથી. ત્યારે ઈઝરાયલ કે જેને અમેરીકા યુરોપિયન દેશો આફ્રિકન દેશો નો સ્પોર્ટ છે. ત્યારે ભવિષ્ય માં આ એરેસ્ટ વોરન્ટ પણ ફારસ રૂપ બની રહેશે તે પણ સનાતન સત્ય હકીકત બની રહેનાર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આઈ.સી.સી.ના એરેસ્ટ વોરન્ટ નો અમલ થાય છે અને થયોપણ છે. પરંતું તે ફક્ત અને ફક્ત આફ્રિકન દેશો પર થયો છે. જે પણ રાજકીય નેતાઓ પર નહીં પણ સ્પોર્ટ વગર ના લશ્કરી અધિકારીઓ સામે ઘણી જગ્યા પર થયો છે. ત્યારે અહીં તો આઈ.સી.સી.ના ઈસ્યુ થયેલ એરેસ્ટ વોરન્ટ માં ત્રણેય મોટા રાજકીય નેતાઓ છે.તો તેની અમલવારી કેવી અને ક્યારે થાય તે પણ વિચારવા લાયક સત્ય હકીકત છે.

અત્રે ઉલ્લેખનીય એ્ચે કે વર્ષો પહેલા ફકત અને ફકત મહાસતાઓ ના રાજકીય દબાણ હેઠળ એક કિસ્સામાં અત્યાર સુધી માં જો કોઈ રાજકીય નેતા ને આઈ.સી.સી.ના વોરન્ટ ના આધારે પકડાયેલા હોય તો તે યુગ્લોવાસીયા ના રાધોગાન કરાશી અને રાજકોમ કાસ્તી છે. જેના પકડાવા પાછળ ના કારણો મા યુનાઈટેડ નેશન સિક્યુરિટી કાઉનસી પર રશિયા અમેરિકા અને ચાઈના નું દબાણ કારણભૂત હતું.

ત્યારે અહીં હવે બિલાડીઓ ના ગલે ઘંટ કોણ બાંધે તેવો વિશ્વ સામે પ્રશ્ન ઉભો થયાનું મનાય છે.

# લોક અદાલતના માધ્યમ થકી ઝડપી ન્યાયીક નીકાલ માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેનની અપીલ

## દ્વારકા જિલ્લામાં તા. ૧૪ ડિસેમ્બરના રોજ લોક અદાલત



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૩

દેવભૂમિ દ્વારકા જિલ્લાના એડમિનિસ્ટ્રેટિવ જસ્ટીસ એચ.એસ. પ્રચ્છકના માર્ગદર્શન અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના મેમ્બર સેક્રેટરી આર.એ. ત્રિવેદી તથા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન એસ.વી. વ્યાસની સીધી દેખરેખ હેઠળ દ્વારા આગામી શનિવાર તા. ૧૪ ડિસેમ્બરના રોજ જિલ્લાની તમામ અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલત તેમજ સ્પેશીયલ મેજીસ્ટ્રેયીલ સીંટીંગનું આયોજન કરવામાં આવ્યું છે.

આ રાષ્ટ્રીય લોક અદાલતમાં અદાલતમાં ચાલતા હોય તેવા તમામ સમાધાન લાયક સિવિલ તથા ફોજદારી અને પ્રિ–લીટીગેશન કેસો મુકવામાં આવનાર છે. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા વકીલો, સરકારી વકીલો, પોલીસ અધિકારીઓ, કલેકટર તથા રેવન્યુ ખાતાના અધિકારીઓ, બેંક તથા ફાયનાન્સીયલ ઈન્સ્ટીટયુટના અધિકારીઓ તથા સંસ્થાઓના હોદેદારો સાથે સદર લોક અદાલત તથા સ્પેશીયલ મેજીસ્ટ્રેયીલ સીટીંગના સંદર્ભમાં પીરીયોડીકલી મીટીંગો યોજી પરીણામલક્ષી આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લામાં આવેલી જુદી-જુદી અદાલતો દ્વારા પેન્ડિંગ તથા પ્રિ - લીટીગેશન મળીને કુલ ૨૮૩૬ થી વધુ કેસો ફાઈન્ડ આઉટ કરી મુકવામાં આવ્યા છે. સાથે જિલ્લા પોલીસ દ્વારા જિલ્લા ના જુદા જુદા સ્થળો પર કેમેરા લગાવી ટ્રાફિકનું ઉલ્લંઘન કરતા વાહન ચાલકોને ઈ-ચલણ ઈસ્યૂ કરવામાં આવ્યા છે. ઈ - ચલણ ન ભર્યા હોય તેવા કુલ ૨૧૦૭ વાહન ચાલકો વિરૃદ્ધ ઈ-ચલણની પ્રિ - લીટીગેશન નોટિસ ઈસ્યૂ કરવામાં આવી છે. જેથી આવા વાહન ચાલકો જો કોર્ટની કાર્યવાહીથી બચવા માંગતા હોય તો તાત્કાલિક ખંભાળિયા ખાતે આવેલ "નેત્રમ" કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર કે જિલ્લાની નજીકની ટ્રાફિક શાખા અથવા તા. ૧૪ ડિસેમ્બરના રોજ આયોજિત નેશનલ લોક અદાલતના દિવસે રૂબરૂ ભરી શકાશે.

લોક અદાલતના માધ્યમ થકી ખુબજ ઝડપથી પુરો કરાવવા જે તે વિસ્તારમાં આવેલી નજીકની કોર્ટ તાલુકા કાનૂની સેવા સમિતિ, ખંભાળિયા, ભાણવડ, કલ્યાણપુર, દ્વારકા અને ઓખામાં સંપર્ક કરવા વિકલ્પે ખંભાળિયાના હર્ષદપુર વિસ્તારમાં સલાયા રોડ ઉપર આવેલા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલયનો (ફોનઃ ૦૨૮૩૩-૨૩૩૭૭૫) પર સંપર્ક કરવા અથવા કોઈ પણ કાનૂની સહાય મેળવવા નાલસા હેલ્પલાઈન નંબર ૧૫૧૦૦ પર સંપર્ક કરવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# લોએજ ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરના વિકાસના કાર્યનું ખાતમુહુર્ત કરાયું



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૩

માંગરોળ તાલુકાના લોએજ ગામે આવેલ શ્રી સ્વામિનારાયણ મંદિરની અંદર ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા વિકાસના કાર્યોનું ખાતમુહૂર્ત કેશોદ મત વિસ્તારના ધારાસભ્ય શ્રી દેવાભાઈ માલમના હસ્તે કરવામાં આવ્યું આ કાર્યક્રમની અંદર દેવાભાઈ માલમ ધારાસભ્ય શ્રી કેશોદ, કોઠારી સ્વામી મુક્ત સ્વરૂપ દાસજી,તાલુકા વિકાસ અધિકારી શ્રી ઓડેદરા સાહેબ, યુવા મોરચા પ્રમુખ રવિભાઈ નંદાણીયા ,તાલુકા ભાજપ પ્રમુખ દાનભાઈ બાલસ તાલુકા ભાજપ મહામંત્રી દાનભાઈ ખાંભલા તાલુકા પંચાયત સદસ્ય શ્રી ગોવાભાઈ ચાંડેરા રાજેશભાઈ છેલાણા ભીમભાઈ નંદાણીયા રાણાભાઈ બામરોટીયા રણજીતભાઈ વાઢેર વગેરે હાજર રહ્યા હતા.

# શ્રી કષ્ટભંજનદેવ ગલગોટા-ગુલાબના ફુલનો શણગાર એવમ્ દાદાને ધરાવવામાં આવ્યો જામફળ અન્નકૂટ



(પ્રતિનિધી દ્વારા)

સાળંગપુર તા.૨૩

સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી (અથાણા વાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી શનિવાર નિમિત્તે તારીખ ૨૩-૧૧-૨૦૨૪ને દાદાને દિવ્ય વાઘા પહેરાવાયા છે, સિંહાસને ગલગોટાના ફુલોનો શણગાર કરાયો છે. મહત્ત્વનું છે કે, તો આજે સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા તથા ૭:૦૦ કલાકે શણગાર આરતી શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશ દાસજી (અથાણા વાળા)એ કરી હતી. એવમ્ દાદાને જામફળનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.મંદિરના પટાંગણમાં યજ્ઞશાળામાં મારુતિયજ્ઞનું આયોજનકરવામાં આવ્યું હતું.

આજે દાદાને કરાયેલા શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું કે, આજે શનિવાર નિમિત્તે શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને વૃંદાવનમાં ૧૫-૨૦ દિવસની મહેનતે તૈયાર થયેલા પ્યોર સિલ્કના જરદોશી વર્કવાળા વાઘા પહેરાવાયા છે. દાદાના સિંહાસને ૨૫૦ કિલો ગલગોટા અને સેવંતીના ફુલનો શણગાર કરાયો છે. આ ફુલ વડોદરાથી મંગાવવામાં આવ્યા છે. તો દાદાને આજે ૨૫૦ કિલો કચ્છના જામફળનો અન્નકુટ ધરાવાયો છે.હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ.

# ખીજદળ ગામે પત્નીના કથિત પ્રેમીની હત્યાના પ્રકરણમાં આરોપી પતિને દબોચી લેવાયો

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૩

કલ્યાણપુર તાલુકાના ખીજદળ ગામે બુધવારે એક શખ્સ દ્વારા પોતાની પત્નીના અન્ય યુવાન સાથે આડા સંબંધ હોય, તે પ્રકરણમાં મહિલાના પતિએ પ્રેમી એવા શખ્સની હત્યા કરી હતી. આ પ્રકરણમાં સ્થાનિક પોલીસે તાકીદની કાર્યવાહી કરીને આરોપી પતિને ઝડપી લીધો હતો.

કલ્યાણપુર તાલુકા સાથે સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચકચારી બની ગયેલા આ પ્રકરણની વિગત મુજબ કલ્યાણપુર તાલુકાના ખીજદડ ગામે રહેતા ચંદ્રસિંહ રતુભા જાડેજા નામના ૪૭ વર્ષના યુવાનના પત્નીને આ જ ગામના ૩૦ વર્ષીય વિરમદેવસિંહ કરણુભા જાડેજા નામના યુવાન સાથે પ્રેમ સંબંધ હોય, જે અંગેની જાણ યુવતીના પતિ ચંદ્રસિંહને થઈ ગઈ હતી. આથી ગત બુધવારે ચંદ્રસિંહે વિરમદેવસિંહ જાડેજાને પોતાની વાડીએ બોલાવીને અહીં બોથડ પદાર્થ ઝીંકીને તેની હત્યાની હતી. આ પ્રકરણ સંદર્ભે જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય તેમજ ડીવાયએસપી સાગર રાઠોડના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. પી.આઈ. કે.કે. ગોહિલ તેમજ સ્થાનિક પી.આઈ. કે.બી. રાજવીને ટીમ દ્વારા તાકીદની કાર્યવાહી કરી, અને આ પ્રકરણમાં હત્યા નીપજાવીને નાસી છૂટેલા આરોપી એવા ચંદ્રસિંહ રતુભા જાડેજાની રાવલ વિસ્તારમાંથી અટકાયત કરી લેવામાં આવી હતી.



# દ્વારકામાં મહિલાઓ આયોજિત શ્રીમદ ભાગવત સપ્તાહમાં અનેકવિધ ધર્મમય કાર્યક્રમોમાં ભક્તો ઉમટ્યા





જામ ખંભાળિયા, તા. ૨૩

દ્વારકામાં યોગ યોગેશ્વરને યાદ કરતા યોગ ગ્રુપની તમામ મહિલાઓ દ્વારા યોજવામાં આવી રહી છે. માત્ર મહિલાઓ દ્વારા યોજવામાં આવેલી આ શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં તમામ જવાબદારી સુપેરે નિભાવી, મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ આપ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મહિલા સશક્તિકરણનું બેનમૂન ઉદાહરણ હાલ દ્વારકામાં જોવા મળી રહ્યું છે.

દ્વારકામાં યોગા ગ્રુપના ૬૦ થી ૭૦ જેટલા મહિલાઓએ આ શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કર્યું છે. આ ભવ્ય આયોજનમાં વ્યાસપીઠ પર યુવા કથાકાર ગિરધરભાઈ જોગી બિરાજી રહ્યા છે. જેમાં દરેક કામ અલગ અલગ મહિલાઓએ ઉપાડી લીધું છે. ત્યારે સાત દિવસના આ ભવ્ય અને દિવ્ય આયોજનમાં તમામ કાર્યક્રમોમાં દરરોજ મહાપ્રસાદ, શોભાયાત્રા અને વિવિધ ઉત્સવના કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

માત્ર મહિલાઓ દ્વારા યોજાયેલા આ કાર્યક્રમને દ્વારકાના બુદ્ધિજીવીઓને પણ અચંબિત કરી દીધા છે. આ ભગવત સપ્તાહમાં કથા શ્રવણનો લાભ લેવા ધારાસભ્ય પબુભા માણેકે પણ ખાસ ઉપસ્થિત રહીને મહિલાઓનો ઉત્સાહ વધાર્યો હતો.

## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **નયના ભાવેશકુમાર વિઠ્લાણી** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **નયનાબેન ભાવેશભાઈ વિઠ્લાણી** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**નયનાબેન ભાવેશભાઈ વિઠ્લાણી**

૪૦૨ રૂદ્રપેલેસ, ગોવર્ધનપાર્ક,

સરદારબાગ, જૂનાગઢ - ૩૬૨૦૦૧


**પંચાયત સિંચાઇ વિભાગ, જિલ્લા પંચાયત, જુનાગઢ**

**ઓનલાઈન ઈ-ટેન્ડરની જાહેર નીવીદા નં.૩/૨૦૨૪-૨૫**

કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત સિંચાઇ વિભાગ, જિલ્લા પંચાયત કચેરી, શશીકુંજ સામે, સરદારબાગ પાસે, જુનાગઢ-૩૬૨૦૦૧ ફોન નં.૦૨૮૫-૨૬૩૩૪૨૬ દ્વારા માન્ય નોંધણી કરાવેલ ઇજારદારોઓ પાસેથી કુલ-૨ કામોની અંદાજીત રકમ રૂ.૪૬-૮૭ લાખના કામોના ટેન્ડરો ઓન લાઇન માંગવામાં આવે છે. આ કામના ટેન્ડરો https://tender.nprocure.com website ઉપરથી જોવા મળશે ઇજારદારશ્રીઓએ તમામ ડોકયુમેન્ટ સ્કેન કરી ઓનલાઇન મુકવાના રહેશે.

| | |
|---|---|
| ઓન લાઇન ટેન્ડર રજુ કરવાની છેલ્લી તારીખ | તા.૨૬/૧૧/૨૦૨૪ થી તા.૧૦/૧૨/૨૦૨૪ ૧૮:૦૦ કલાક સુધી |
| ટેન્ડર ફી સાધનીક કાગળો તેમજ અર્નેસ્ટમની ડીપોઝીટ રજુ કરવાની તારીખ | તા.૧૮/૧૨/૨૦૨૪ ૧૮:૦૦ કલાક સુધી |
| ઓન લાઇન ટેન્ડર ખોલવાની તારીખ | તા.૧૧/૧૨/૨૦૨૪ ૧૧:૦૦ કલાકે |

નોંધ: હવે પછી કોઈ પણ સુધારો ફક્ત ઓનલાઈન કરવામાં આવશે.

માહિતી/જૂના/૬૪૦/૨૦૨૪



**ગુજરાતસરકાર,**

**નર્મદા જળ સંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**બીજો પ્રયત્ન જાહેર નિવિદા નં. ૨૬ ઓફ ૨૦૨૪-૨૫**

કાર્યપાલક ઈજનેરશ્રી, જુનાગઢ સિંચાઈ યોજના વિભાગ, ૨/૩ બહુમાળી ભવન, સરદાર બાગ, (ફોન:૦૨૮૫-૨૬૩૦૩૨૯) જુનાગઢ-૩૬૨૦૦૧ની કચેરી દ્વારા ઓનલાઈન ટેન્ડરથી આણંદપુર મેઇન કેનાલઃ રીનોવેશન ઓફ સાઇફોન એક્વાડક્ટ સ્ટ્રકચર ઇન આણંદપુર મેઇન કેનાલ એટ ચે.૫૬૯૮ મી. એન્ડ કન્સ્ટ્રકશન ઓફ કેનાલ એસકેપ સ્ટ્રકચર ઇન મેઇન કેનાલ નીયર ચે.૧૪૫૭૮ મી. એન્ડ રીપેરીંગ ઓફ સાઇફોન એક્વાડક્ટ સ્ટ્રકચર મેઇન કેનાલ એટ ચે. ૧૩૬૨૮.૦૫ મી.ના કામની અંદાજીત રકમ રૂ.૨૭,૦૫,૯૫૪.૧૨ ના કામ માટે માન્ય ઈજારદારશ્રી 'ઇ-૧" અને ઉપરની શ્રેણીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવે છે.જે www.tender.nprocure.com વેબસાઇટ પર તા.૨૫/૧૧/૨૦૨૪ થી ૦૯/૧૨/૨૦૨૪ સમય ૧૮.૦૦ કલાક સુધીમાં ભરવાનારહેશે.ફીઝીકલ ડોકયુમેન્ટસ ફકત રજી.એ.ડી./સ્પીડ પોસ્ટથી ઉપરોક્ત કચેરીએ તા.૧૦/૧૨/૨૦૨૪ થી ૧૬/૧૨/૨૦૨૪ સુધીમાં મોકલવાના રહેશે.કવર રૂબરૂ/ટપાલથીકે કુરીયરથી સ્વીકારવામાં આવશે નહીં.ઉપરોક્ત ટેન્ડર અધિક્ષક ઇજનેરશ્રીની કચેરી રાજકોટ સિંચાઇ યોજના વર્તુળ,૨/૫ બહુમાળી ભવન, રેસકોર્સની સામે, રાજકોટ ખાતે તા.૧૦/૧૨/૨૦૨૪ના રોજ ખોલવામાં આવશે. વધુ વિગત માટે www.statetenders.gujarat.gov.in વેબસાઈટ પર જોવા મળશે. વધુ વિગતો કામકાજના દિવસો દરમ્યાન ઉપરોકત કચેરીનો સંપર્ક કરવાથી મળશે.

નોંધઃ- હવે પછી કોઇ સુધારા થશે તો ઓનલાઇન વેબસાઇટ પર સુધારોમુકવામાં આવશે.

માહિતી/જૂના/૬૪૩/૨૦૨૪

### લાંચ લેવી અને લાંચ આપવી તે બન્ને બાબત ગુનો બને છે ત્યારે

# ભવનાથ મંદિર કબજે કરવાના કાળા કરતુતોના કારીગરો સામે પગલા ભરાશે ખરા ?

## ભાજપનું પાર્ટી ફંડ અને આઈએએસ કક્ષાનાં બે અધિકારી અને સંતો સમક્ષ નાણાની કોથળી ખુલી મુકી હોવાનાં આક્ષેપને પગલે ખળભળાટ : જેમની સામે આક્ષેપ થયા છે તેઓ યોગ્ય ખુલાસો આપી શકશે ?



જૂનાગઢ તા.૨૩

હિન્દુ ધર્મસ્થાનોમાં ખાસ કરીને ગિરનાર ખાતે બિરાજમાન અંબાજી માતાજી મંદિર તેમજ સ્વયંભુ ભવનાથ મહાદેવનું મંદિર શ્રધ્ધાળુઓ માટે આસ્થાનું કેન્દ્ર છે. દુર દુરથી ભાવિકો જયાં માથુ ટેકાવવા આવે છે આ બંને દેવસ્થાનો કબ્જે કરવાનાં ખેલ અંગે રોજબરોજ નિતનવીન ધડાકા થઈ રહયા છે. અને ગંભીર પ્રકારનાં આક્ષેપો થઈ રહયા છે.

ધર્મનાં સોદાગરો સામે કેમ પગલા ભરાતા નથી ? અથવા તો તેમની સામે આક્ષેપ થયા છે તેઓ જો આ વાત ખોટી હોય તો સંમેલન બોલાવી અને પોતાની ભૂમિકા અંગે સ્પષ્ટતા કરવી જોઈએ તેવો બહુમતી જનમત છે.

અંબાજી માતાજી મંદિરનાં મહંત મોટાપીરબાવા પૂ. તનસુખગીરી બાપુ દેવલોક પામ્યા બાદ તેમનાં ઉતરાધિકારી કોણ તે બાબતે ભારે વિવાદ ઉઠવા પામ્યો છે. એક તકે તો અખાડા પરીષદનાં હરીગીરી મહારાજે પૂ. તનસુખગીરી બાપુની ધુળજોટવિધિ સમયે જ નવા મહંત તરીકે પ્રેમગીરીની નિમણુંક કરી નાખતા ભારે વિવાદ ઉઠવા પામ્યો હતો. આ તકે તનસુખગીરી બાપુનાં પરીવારજનોએ આત્મવિલોપનની ચીમકી પણ આપી હતી. તો બીજી તરફ ભુતનાથ મહાદેવ મંદિરનાં મહંત મહેશગીરી બાપુ સામે પણ આક્ષેપો થતાં મહેશગીરી બાપુએ દુધનું દુધ અને પાણીનું પાણી કરી નાખતા ઘટસ્ફોટ કરી ગુરૂ પરંપરાનો અનાદર કરનારા હરીગીરીને જયાં સુધી ભવનાથમાંથી હાંકી કાઢે નહી ત્યાં સુધી તનસુખગીરી બાપુનાં સમાધિ સ્થળે શ્રધ્ધાંજલી આપીશ નહી તેવો રણટંકાર કર્યો હતો. એટલું જ નહી એક ડગલુ આગળ વધી અને એક લેટર બોમ્બ પણ ફોડયો હતો જેમાં અખાડા પરીષદનાં જારી થયેલા આ પત્ર બોમ્બમાં સેક્રેટરી હરીગીરીની સહી સીકકાવાળા આ પત્રમાં એવું જણાવેલ છે કે ભવનાથ મંદિરનું માલિકીપદ મેળવવા માટે ભાજપને ફંડ આપવામાં આવેલ છે. એટલું જ નહી બે ઉચ્ચકક્ષાનાં કલેકટર દરજજાનાં અધિકારીઓને પણ સારી એવી રકમ તેમજ અન્ય સંતોને પણ નાણાની ફાળવણી કરવામાં આવી હોવાનાં લેખીત પુરાવાઓ મહેશગીરી બાપુએ રજુ કરેલ છે. અને આ પત્ર બોમ્બ વિસ્ફોટ બનીને ફાટયો છે. એટલું જ નહી ગુજરાતભરમાં તેના ઘેરા પ્રત્યાઘાતો પડયા છે. જે લોકો સામે આક્ષેપો થયા છે તે આ પત્ર બોમ્બને ૪૮ કલાક કરતા પણ વધારે સમય થયો હોવા છતાં આ બાબત ખોટી છે અથવા તો અમે તેમાં કયાંય નથી તેવી સ્પષ્ટતા કરવા માટે પણ કોઈ આગળ આવ્યું નથી. જેથી આમ જનતામાં તેમજ શ્રધ્ધાળુઓમાં અનેકવિધ ચર્ચાઓ ઉઠવા પામી છે. બીજી તરફ એવું કહેવાય છે કે લાંચ લેવી અથવા લાંચ આપવી એ ગુનો બનતો હોય તો ભવનાથ મહાદેવ મંદિરની ગાદી પચાવવાનાં આ ખેલમાં સંડોવાયેલા તમામ સામે આકરા પગલા લેવા જોઈએ તેવી પણ લાગણી પ્રવર્તી રહી છે. દરમ્યાન એક એવી ચર્ચા પણ ઉઠવા પામી છે કે આગામી દિવસોમાં જ અંબાજી મંદિર તેમજ ભવનાથ મંદિર અંગેનાં જાગેલા વિવાદ અંગેનું નિવારણ લાવવા માટે અને કોણ સત્ય છે ? કોણ ગુનેગાર છે ? કે કોણે આવા કૃત્ય કર્યા છે તે તમામ બાબતોની પરીક્ષણ માટે અને અંતિમ ફેસલા માટે એક અગત્યની બેઠક મળી રહી હોવાનું પણ જાણકાર સુત્રોમાંથી ચર્ચાય છે.

### ભૂતનાથ મહાદેવ મંદિર ખાતે આજે સાંજે ૪.૩૦ કલાકે પત્રકાર પરિષદ

અંબાજી માતાજી મંદિરના નવા ગાદીપતિનો વિવાદ તેમજ ભવનાથ મંદિર કબ્જે કરવાના ખેલમાં ઉભા થયેલા વિવાદ ભારે ચર્ચાને ચકડોળે છે. દરમ્યાન છેલ્લા કેટલાક દિવસથી ચાલતા આ ઘટનાક્રમને અનુસંધાને આજે ભૂતનાથ મહાદેવ મંદિરના મહંત મહેશગીરી બાપુ સાંજે ૪.૩૦ કલાકે પત્રકાર પરિષદ સંબોધનાર હોવાનું જાણવા મળે છે. આ પત્રકાર પરિષદ ઉપર સંબંધિત તમામની અને સમગ્ર શહેરીજનોની મીટ મંડાયેલ છે.

# જૂનાગઢમાં મોટા ઔદ્યોગીક એકમનો અભાવ : રોજગારી ક્ષેત્ર વિકસાવવા માંગ

## કોઈપણ શહેરની કાયાપલટ ત્યારે જ થઈ શકે કે જયારે તેનું ઔદ્યોગીક ક્ષેત્ર મજબુત હોય



અમને રોજગારી કયારે મળશે ???

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

હેરીટેજ સીટી તરીકે પ્રસિધ્ધી પામેલા જૂનાગઢ શહેર આજે પ્રવાસી જનતા માટે 'હોટ ફેવરીટ' ગણાય છે પરંતુ સાથે જ જૂનાગઢ શહેર અને જીલ્લો ઔદ્યોગીક ક્ષેત્રે ખુબ જ પછાત છે. અહીં કોઈ મોટા ઉદ્યોગ ન હોવાના કારણે રોજગારીનું ક્ષેત્ર વામણું પુરવાર થયું છે ત્યારે જૂનાગઢને ઔદ્યોગીક એકમ આપવાની માંગ ઉઠવા પામી છે.

સૌરાષ્ટ્ર-ગુજરાતના મેગા સીટી ગણાતા રાજકોટ, અમદાવાદ, ભાવનગર, જામનગર, અમરેલી સહિતના શહેરો અને જીલ્લાનો વિકાસ સતત થઈ રહ્યો છે. આ શહેરોમાં ઔદ્યોગીક એકમો સંખ્યાબંધ હોવાના કારણે રોજગારીના સ્ત્રોત ખુબ જ હોય લોકોને રોજગારી મળી શકે છે. જયારે સૌરાષ્ટ્રના ખાસ કરીને સોરઠના પાટનગર જૂનાગઢમાં કોઈ મોટા ઉદ્યોગ ન હોવાના કારણે રોજગારી ક્ષેત્રે આ શહેર ખુબ જ પાછળ છે. રોજગારી મળે તેવા સ્ત્રોત ઉભા કરાવ માટે જેમ જામનગરમાં રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝએ જામનગર પંથકની કાયાપલટ કરી નાખી છે તેવી રીતે જૂનાગઢમાં પણ મોટા ઉદ્યોગકારોને લાવી અને ઔદ્યોગીક એકમો સ્થાપવાની તાતી જરૂરીયાત છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અનેગુજરાત સરકાર દ્વારા જૂનાગઢ શહેરને ઐતિહાસીક સ્થળોની કાયાપલટ રીનોવેશન કરાયા બાદ પ્રવાસી જનતાનો ધસારો આખું વર્ષ રહે છે. ઉપરાંત રોપવેની ભેટ પણ જૂનાગઢ શહેરને આપવામાં આવેલી છે. જૂનાગઢ શહેર હેરીટેજ શહેર છે અહીં દુર દુરથી પ્રવાસી જનતા મુલાકાતે આવે છે. ઉપરાંત ભવનાથ ક્ષેત્રમાં યોજાતા શિવરાત્રી, પરિક્રમાનો મેળો તેમજ દાતારબાપુના ઉર્ષના મેળામાં પણ ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડે છે. કાયમને માટે પ્રવાસીઓથી ધમધમતા આ શહેરને સારૂ ઔદ્યોગીક એકમ આપવાની આવશ્યકતા છે. આઝાદીના ૭૭માં વર્ષની ઉજવણી તાજેતરમાં જ કરવામાં આવી છે. નૂતન વર્ષમાં ગુજરાત સરકાર દ્વારા જૂનાગઢને એક સારૂ ઔદ્યોગીક એકમ આપે તેવી લાગણી અને માંગણી પ્રર્વતી રહી છે.

# ભવનાથમાં આવતા યાત્રાળુઓ જૂનાગઢ શહેરમાં રોકાવાનું પસંદ કરતા નથી !

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ નજીક આવેલા ભવનાથ તીર્થક્ષેત્ર ધર્મની નગરી કહેવાય છે અને અહીં આવેલા ધાર્મિક સ્થળોની મુલાકાતે-દર્શને લાખોની સંખ્યામાં ભાવિકો દર વર્ષે આવે છે. શિવરાત્રી અને પરિક્રમાના મેળામાં પણ ૧૦લાખ કરતા પણ વધુ જનમેદની થતી હોય છે. રોપ-વે કાર્યરત કરવાની વર્ષો સુધી માંગ જૂનાગઢના નાગરીકોએ કરી હતી અને જૂનાગઢની જીવાદોરી છે તેવી રોપ-વે યોજના કાર્યરત થશે તો જૂનાગઢને ખુબ મોટો ફાયદો થશે. તેવું વારંવાર જણાવતા હતા. રોપ-વે યોજના કાર્યરત થયા પછી યાત્રાળુઓની સંખ્યામાં પણ ખુબ જ વધારો થયો છે અને આ યાત્રાળુનો લાભ આજે જૂનાગઢની જનતાને મળવા કરતા ભવનાથ ખાતે આવેલ અપવાદરૂપ જગ્યાને બાદ કરતા કેટલાક ધર્મસ્થાનો કે જયાં યાત્રાળુઓ માટે રહેવાથી માંડીને તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ છે ત્યાં ઉંચા ભાડાથી રોકાણ કરતા હોય છે. બહારગામથી આવેલા ફોરવ્હીલધારીને રોકાવું જ છે તો પછી નાણાની કોઈ પરવાહ તેઓને હોય નહીં અને જૂનાગઢમાં રોકાવાનું પસંદ કરતા નથી. જેને કારણે મોટાભાગના યાત્રાળુઓ ભવનાથમાં આવેલી કેટલાક ધર્મસ્થાનોમાં અદ્યતન બનાવેલા ઉતારાઓમાં રોકાણ કરતા હોય છે અને આને કારણે જૂનાગઢને તેઓનો કોઈ લાભ મળતો નથી ઉપરાંત પોતપોતાના વાહનમાં આવેલા યાત્રાળુઓ પાછલા બારણેથી ભવનાથ જતા રહેતા હોય જેથી જૂનાગઢના વેપાર-ધંધાને કોઈ જ ફાયદો નથી તેવું અત્રે લોકો ખુલ્લેઆમ બોલી રહ્યા છે.

# જૂનાગઢમાં વ્યાજનાં પૈસા ચુકવી આપેલ છતાં સોનાના દાગીના પચાવી પાડયાની સોની વેપારી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢમાં સોની વેપારી પાસેથી લીધેલા વ્યાજના પૈસા ચુકવી આપ્યા હોવા છતાં પણ સોનાના દાગીના પચાવી પાડી વિશ્વાસઘાત અને છેતરપીંડી કર્યાનો બનાવ બહાર આવતા ચકચાર જાગી ઉઠી છે. ગત તા.૨૬-૪-૨૩થી લઈ આજ દિવસ સુધી બનેલા બનાવ અંગેની પોલીસ ફરીયાદ નોંધાતા પોલીસે બે વેપારી સામે વિશ્વાસઘાત અને છેતરપીંડી અંગેનો તેમજ નાણા ધિરધાર અધિનીયમની કલમ અંતર્ગત ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢના દિવાન ચોક પરસોતમદાસ સોના-ચાંદીની દુકાનમાં બનેલા બનાવ અંગે ગઈકાલે ૨૨-૧૧-૨૪ના નોંધાયેલ ફરીયાદ અનુસાર સોનલબેન વીજયભાઈ ચોરવાડા (ઉ.વ.૪૩) રહે. ગામ ઝાંઝરડા વાળાએ નિરેન ગીરધરભાઈ ધોળકીયા અને હાર્દિક ગીરધરભાઈ ધોળકીયા વિરૂધ્ધ નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે, આરોપીઓ પાસે ફરીયાદીએ સોનાના દાગીના હાર, દોરો, બુંટી વજન ૧૦૦, ગ્રામ કિ.રૂા.૪,૦૦,૦૦૦ના દાગીના ગીરવે મુકી રૂા.૩,૫૦,૦૦૦ માસીક વ્યાજ ૨૬૦૦ લેખે વ્યાજે લીધેલ અને દર મહીને વ્યાજ ચુકવેલ અને દાગીના છોડાવવા માટે રૂા.૧,૦૦,૦૦૦ જમાં કરાવેલ અને દાગીના છોડાવવા રૂા.૨,૫૦,૦૦૦ દેવાના બાકી હતા. તેમજ સાહેદ મનીષાબેનએ મંગલસુત્ર વજન ૨૦, ગ્રામ કિ.રૂા.૮૦,૦૦૦ તથા રોકડા રૂા.૫૦,૦૦૦/- મળી કુલ કિ.રૂા.૧,૩૦,૦૦૦ તથા જીવીબેનની પાનબુંટી વજન ૧૦, ગ્રામ કિ.રૂા.૪૦,૦૦૦, હરેશભાઈ ચૌહાણનો હાર વજન ૩૦, ગ્રામ કિ.રૂા.૧,૨૦,૦૦૦ તથા નવો દાગીનો બનાવવા નાખેલ તેના એડવાન્સ આપેલ રોકડા રૂા.૧,૧૨,૦૦૦ મળી કુલ રૂા.૨,૩૨,૦૦૦, હિનાબેન ડાભીની બુટી જોડી-૨, વજન ૧૦, ગ્રામ કિ.રૂા.૪૦,૦૦૦ મળી કુલ કિ.રૂા.૮,૪૨,૦૦૦ વિશ્વાસમાં લઈ સોનાના દાગીના ગીરવે રાખી વ્યાજે પૈસા આપી લલચાવી વેપારી તરીકે વિશ્વાસમાં લઈ તમામને દાગીના પરત નહી આપી વેપારી તરીકે ફરી. તથા સાહેદો સાથે વિશ્વાસઘાત, છેતરપીંડી કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ નગરજનોના યજમાન પદે અને ગૌશાળાનાં લાભાર્થે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન




## ડો. મહાદેવપ્રસાદ મહેતાનાં વ્યાસપીઠે યોજાનારા સપ્તાહનાં કાર્યક્રમને સફળ બનાવવા તડામાર તૈયારી

જૂનાગઢ તા. ૨૩

ભુતનાથ મહાદેવ મંદિરનાં મહંત પૂ. મહેશગીરી બાપુનાં વડપણ હેઠળ અને સમગ્ર જૂનાગઢ નગર દ્વારા ગૌશાળાનાં લાભાર્થે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આગામી તા. ૨-૧૨-૨૪ માગસર સુદ-૧ સોમવારથી કથાનો પ્રારંભ થશે અને માગસર સુદ-૭ રવિવાર તા. ૮-૧૨-૨૪નાં કથા વિરામ થશે. કથાનું સ્થળ ભુતનાથ મહાદેવ મંદિર છે. જયારે કથાનો સમય ૩.૩૦ થી ૬.૩૦ દરમ્યાન રહેશે. કથાનાં વકતા તરીકે ડો. મહાદેવપ્રસાદ મહેતા પોતાની આગવી શૈલીમાં કથાનું રસપાન કરાવશે. શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનાં કાર્યક્રમમાં વિવિધ પ્રસંગો પણ યોજાશે જેમાં તા. ૨-૧૨-૨૪ બપોરે ૧ કલાકે પોથીયાત્રા, તા. ૩-૧૨-૨૪ કપીલ પ્રાગટય, તા. ૪-૧૨-૨૪ નૃસિંહ પ્રાગટય, તા. ૫-૧૨-૨૪ વામન પ્રાગટય, તા. ૫-૧૨-૨૪ શ્રી રામ પ્રાગટય, તા. ૫-૧૨-૨૪ શ્રીકૃષ્ણ પ્રાગટય, તા. ૬-૧૨-૨૪ શ્રીગોવર્ધનનાથ પુજા, તા. ૭-૧૨-૨૪ કૃષ્ણ રૂક્ષ્મણી વિવાહ, તા. ૮-૧૨-૨૪ શ્રી સુદામા ચરીત્ર, અને બપોરે ૩ કલાકે આ જ દિવસે કથા વિરામ થશે. જયારે તા. ૮-૧૨-૨૪નાં બપોરે ૧૨.૩૯ કલાકે ગૌશાળાનું ખાતમુહુર્ત કરવામાં આવશે. શ્રી ભુતનાથ મહાદેવનાં સાંનિધ્યમાં જૂનાગઢ નગરનાં યજમાન પદે અને ગૌશાળાનાં લાભાર્થે યોજાનારા શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનાં કાર્યક્રમને સફળ બનાવા માટે મહંત પૂ. મહેશગીરી બાપુનાં માર્ગદર્શક હેઠળ સેવક ગણ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.
ટુવ્હીલરનું લાયસન્સ હોવું જરૂરી

હાર્દિક શુભેચ્છા.....
બેસનની દુનિયાનો બેતાજ બાદશાહ
સ્વસ્તિક - સુપર - લિબર્ટી
ચુનીભાઈ રાખોલીયા
સ્વસ્તિક
પ્રોટીન્સ ઈન્ડસ્ટ્રીઝ
જય ભવાની ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ-૨, જીઆઈટીસી-૨ની સામે, રાજકોટ રોડ, સાબલપુર જૂનાગઢ.
ફોન : ૨૬૬૦૦૮૯
મો. ૯૮૨૫૨ ૦૯૦૪૪, ૯૮૨૫૩ ૧૬૬૯૦, ૯૮૨૫૩ ૧૬૬૮૯
: ઉત્પાદક :
સ્વસ્તિક બ્રાન્ડ બેસન - લિબર્ટી બ્રાન્ડ બેસન - સુપર બ્રાન્ડ તેમજ અન્નપૂર્ણા બ્રાન્ડ સિલ્કી તથા મોટી ચણાદાળનાં ઉત્પાદક

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
આ ખોટા વખાણ નથી હો..
આપ નજરે નિહાળો પછી તમે જ કહેશો કે વાહ..ભાઈ વાહ..
સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ
ગુલબાવાડી નજીક, ખોજાવાડ ચોક પાસે, જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

ધમાકા એક્ષચેન્જ ઓફર
તમારૂ જુનું ફર્નિચર આપી જાવ નવું ફર્નિચર લઈ જાવ
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે




PARDAWALA
✦ શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?
જો હા... તો હવે
જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિર્ચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.
સી.સી. પડદાવાલા
PARDAWALA તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫
(ઓફર/સ્કીમ મર્યાદિત સમય માટે.)